ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## હસબોનલ્લાહો વનેઅમલ વકીલ

કવોન્ટિટીવાળા કરતાં કવોલિટીવાળો મઝહબ શાનદાર છે. માત્ર મઝહબની ક્રિયાઓને મઝહબ નહીં માની લો. મઝહબની ક્રિયાઓ દૂધ જેવું છે. જો એમાં મેળવણ ભળે તો જ દહીં બને. મેળવણ નાખ્યા પછી દૂધની તપેલીને હલાવ્યા કરો તો પણ દૂધ ન બને. એ દૂધને ઢાંકણ ઢાંકીને વ્યવસ્થિત જગ્યાએ મૂકો તો જ દૂધ, દહીં બને. મઝહબની ક્રિયાઓ કરતી વેળાએ બીજાનો વિચાર રૂપી મેળવણ નહીં હોય તો દહીંની જેમ મઝહબ નહીં જામે.

મઝહબની શરૂઆત બીજાના વિચારથી જ થાય છે. તમે જે પણ પ્રવૃત્તિ કરતા હો એ વખતે તમારી ભીતરમાં કોઈના પણ પ્રત્યે કટુતા ન હોવી જોઈએ. હું જ સાચો, મારી વાત જ સાચી આ એક અહંકાર છે. જયાં અહંકાર છે ત્યાં મઝહબ જ નથી.

કઠોર ભૂમિમાં કયારેય ધાન્ય ઉગતું નથી. સર્વ પ્રથમ ધરતીને ખેડીને પોચી બનાવવી પડે છે. પછી બીજ અને ખાતર-પાણી નાંખો તો મબલખ પાક થાય છે. જે તમે બીજાને ચાહતા શીખી જાઓ અને ધિક્કાર-તિરસ્કારના શસ્ત્રો મ્યાન કરી નાંખો તો આખી ધરતી તમારી ફ્રેન્ડ બની જશે.

મઝહબની જમાવટ કરતાં પહેલા માણસે પોતાની ભીતરમાં માણસ જમાવી દેવો જોઈએ. આજે મઝહબ-પ્રવૃત્તિઓ જરૂર વધી છે પણ ભીતર પરિસ્થિતિમાં ફેરફાર ન થાય તો એ મઝહબ કયારેક નિંદનીય બની જાય છે. જો તમે મઝહબની સાચા અર્થમાં બજવણી કરતા હશો તો તમારો મઝહબ તમને અલ્લાહ સુધી પહોંચાડી દેશે એ માટે ઈબાદત જરૂરી છે.

આપણા માટે તો અલ્લાહ જ કાફી છે.

www.ssvmes.org
www.vohratimes.org

vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

માહે શવ્વાલ ૧૪૪૦
જૂન - ૨૦૧૯
તંત્રી: મસ્ત મંગેરા

## જઝાકુમુલ્લાહ

### અમેરીકા થી જનાબ મોહંમદભાઇ પટેલ સા. એ સોસાયટીના ઝકાતફંડમાં મોકલેલ રૂા.૧૧,૫૭,૪૭૫/-

સોસાયટીના હિતેચ્છુ હમદર્દ દાનવીર **જનાબ મોહંમદભાઇ પટેલ સા. (જીતાલીવાલા) અમેરીકા** તરફથી છેલ્લા ઘણા વર્ષોથી સોસાયટીને દાન આપી મદદરૂપ થઇ રહયા છે. દર વર્ષે રકમમાં ઉત્તરોત્તર વધારો કરી ચાલુ વર્ષે **રૂા.૧૧,૫૭,૪૭૫/-** સોસાયટીના ઝકાતફંડમાં મોકલ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

**અલ્લાહપાક આપની આ ખિદમત અને ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન અઝર બન્ને જહાંનમા અતા ફરમાવે. આમીન.**

### જનાબ ઇકબાલભાઇ ઉનીયા સા. નવસારી હસ્તે મળેલા રૂા. ૨,૫૦,૦૦૦/-

**આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ જ. અઝીઝભાઇ ઉનીયા સા. એ જ. ઇકબાલભાઇ ઉનીયા સા. નવસારી હસ્તે નીચે મુજબની રકમ મોકલી છે.જઝાકુમુલ્લાહ.**

- જ. અઝીઝભાઇ ઉનીયા સા. રૂા.૧,૦૦,૦૦૦/- ઝકાત તથા રૂા.૫૦,૦૦૦/- બેંક વ્યાજ
- મોહતરમા ફરીદા સીમજી સા. રૂા. ૨૫,૦૦૦/- ઝકાત
- જ.શબ્બીરભાઇ સીમજી સા. રૂા. ૨૫,૦૦૦/- ઝકાત
- મોહતરમા અતીયાબેન ઉનીયા સા. રૂા. ૨૫,૦૦૦/- ઝકાત
- જ. ઇકબાલભાઇ ઉનીયા સા. રૂા. ૨૫૦૦૦/- ઝકાત

**અલ્લાહપાક અ પની આ ખિદમત અને ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન અઝર બન્ને જહાંનમા અતા ફરમાવે. આમીન.**

---

- **હાજી આઝમ મોહંમદ હાટીયા પબ્લીક એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત** તરફથી **રૂા. ૧,૦૦,૦૦૦/-** લીલ્લાહના સોસાયટીના હાયર સ્કોલરશીપફંડમાં **જ. આઝમ અહમદ સઇદ હાટીયા સા.** હસ્તે મળ્યા છે.
- **હાજી સુલેમાનભાઇ નાડત સા. કોંઢ** તરફથી **રૂા. ૩૫,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં તથા **રૂા.૧૪,૦૦૦/-** બેવાફંડમાં **જ. અહમદભાઇ બોબાત સા.** હસ્તે મળ્યા છે.
- **જ. ઇદ્રીસભાઇ ડાલા સા.સુરત** તરફથી **રૂા. ૩૫,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. આસીફભાઇ રંદેરા સા.** હસ્તે મળ્યા છે.
- **જ. મોહમદ એ.દાદાભાઇ સા. મોટાવરાછા** તરફથી **રૂા. ૨૧,૦૦૦/- મોહમદ** એન્ડ **મર્હુમ આઝમ દાદાભાઇ સ્કોલરશીપફંડ** માં **જ.મેહમુદ હૈદર વોરાજી સા.** હસ્તે મળ્યા છે.
- **Mr. Mohammed Ahmed Patel,London, U.K. donated to our Society's various funds of Rs. 10000/- (INR 5,000 Zakat, INR 2,500 Lillah,INR 2,500 Sadqah )**
- **જ.ઇરફાન મોલ્વી ઇલ્યાસ તાડવાલા સા.વસરાવી** તરફથી **રૂા. ૩૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. મોલ્વી ઇલ્યાસ તાડવાલા સા.** હસ્તે મળ્યા છે.
- **જ.જાવેદભાઇ અમલા સા. સુરત** તરફથી **રૂા. ૨૦,૦૦૦/-** ઝકાતના સોસાયટીના સ્કોલરશીપફંડ, બેવાફંડ અને તબિબિ સહાયફંડમાં મળ્યા છે.
- **જ.મ.ઇકબાલ એન્ડ ઝાહેદા દાદાભાઇ સા. કઠોર** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં તથા **રૂા.૧૦,૦૦૦/-** સોસાયટીના બેવાફંડમાં **જ. યાકુબભાઇ દાદાભાઇ સા.** હસ્તે મળ્યા છે.
- **જ.સુલેમાન આદમ અચ્છા સા.આલુંજ** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **મોહતરમા બિલ્કીસબહેન** હસ્તે મળ્યા છે.
- **મોહતરમા ઝુબેદા યુસુફ બેલીમ સા. વડોદરા** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. મોહંમદ ઇબ્રાહીમ પાંચભાયા સા.** હસ્તે મળ્યા છે.
- **જ.શબ્બીર યાકુબ ગંગાત સા. ઉમરવાડા** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ. સલીમ કાસમ મુલ્લાં સા. સુરત** હસ્તે મળ્યા છે.

**અલ્લાહપાક આપની આ ખિદમત અને ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન અઝર બન્ને જહાંનમા અતા ફરમાવે. આમીન.**

# વહોરા સમાચાર

■ **હદીશ શરીફ**

૧. જે લોકો બીજાઓ સાથે ખરાબ વર્તન કરે છે, તેઓ અલ્લાહની મહેરબાનીથી વંચિત રહે છે.
૨. મોટાભાગના લોકો બે બાબતોની કિંમત સમજતા નથી કે તેનો લાભ ઉઠાવતા નથી, તે બે બાબતો તંદુરસ્તી અને ફૂરસદ છે.

■ **ચિંતન**

રાત ભર સર્દ હવા ચલતી રહી
રાત ભર બુઝતે હુએ રિશ્તોં કો તાપા હમને

***


**અંક : ૦૬**

**માસઃ- જૂન ૨૦૧૯**

**માહેઃ શવ્વાલ ૧૪૪૦**

**તંત્રી : મસ્ત મંગેરા**


## ફૂલ-પાંદડી

રુકે રુકે સે કદમ રુક કે બારબાર ચલે
કરાર લે કે તેરે દર સે બેકરાર ચલે

ઉઠાયે ફિરતે થે એહસાન જિસ્મ કા જાં પર
ચલે જહાં સે તો યે પૈરહન ઉતાર ચલે

સહર ન આયી કઈ બાર નીંદ સે જાગે
થી રાત, રાત કી યે જિંદગી ગુજાર ચલે.

## ■ તંત્રી સ્થાનેથી...!

રમઝાનની વિદાય

રમઝાનુલ મુબારક - આ પવિત્ર અને ઈબાદત કરવાનો મહિનો પૂરો થયો. અલ્લાહના નેક બંદાઓએ આ મહિનો સંપૂર્ણ લાભ મેળવ્યો. કેટલાક એનાથી વંચિત રહી ગયા.(કમનશીબી)

અલ્લાહ તઆલાએ આ મહિનામાં ઘણી બરકતો મૂકેલી હોય છે.

એનો લાભ લેનાર ખુશકિસ્મત હોય છે.

આ મહિનો લાચાર અને દુ:ખી લોકોના હાથ પકડવાનો પણ મહિનો છે. ભૂખથી આકૂળ-વ્યાકૂળ થઈ જનારને ખબર પડે કે ભૂખ શું હકીકત છે. અને એની વેદના કેવી હોય છે. એ ધ્યાને રાખી, રોઝદાર ગરીબો પ્રત્યે વધારે દયાળુ બને છે પરંતુ કેટલાક વ્યકિતઓ આ મહિનામાં જલ્દીથી ઉત્તેજીત થઈ જાય છે અને મગજ ગુમાવી બેસે છે.

શબરથી કામ લેવાની તાલીમ આ મહિનામાં મળે છે અને રોઝદાર એ સારી રીતે સમજે છે કે આ મહિનાની એહમિયત કેટલી છે.

સમૃદ્ધ લોકો અથવા અલ્લાહ પાકે આપણને જે કાંઈ નવાઝિશ કરી છે તેમાં બીજાનો પણ હક છે. એ હક અદા કરતા હોવ તો આ મહિનો દરેક રીતે આપણને સુખ-શાંતિ આપે છે.

અલ્લાહ પાક દરેકની હિફાઝત કરે.આમીન.

■ મસ્ત મંગેરા(કાંગવઈ)


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## ઈકરઅ બિસ્મેરબ્બીકલ લઝી ખલક

ઈસ્લામ અને આમ સમાજમાં રમઝાન માસના ૨૭મા રોઝાનું ઘણું મહત્વ છે. એટલે સુધી કે ઈસ્લામને ન માનનાર પણ ૨૭મો મોટો રોઝો રાખવામાં ગર્વ અને આસ્થા અનુભવે છે. પણ તેની પાછળના ઉદેશથી મોટે ભાગે તેઓ અજાણ હોય છે. એમ કહેવાય છે કે રમઝાન માસના ૨૭મા રોઝાની રાતે ઈસ્લામના પવિત્ર ગ્રંથ કુરાને શરીફના અવતરણનો આરંભ થયો હતો. જોકે, કુરાને શરીફનું અવતરણ રમઝાન માસની કઈ રાત્રે થયું હતું તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. કુરાને શરીફમાં પણ તે અંગે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળતો નથી. અલબત્ત, એટલું નિશ્ચિત છે કે એ રાત્રિ રમઝાન માસના અંતિમ ખંડમાં આવે છે. ઈસ્લામના આલિમો, મૌલવીઓ અને જ્ઞાનીઓ રમઝાન માસની ૨૭મી રાતને મોટે ભાગે કુરાને શરીફના અવતરણ માટેની રાત ગણે છે.

ઈસ્લામમાં રમઝાન માસના ૨૭મા રોઝાની રાતને લૈલતુલ કદ્ર કહે છે. લૈલતુલ કદ્ર મૂળ અરબી ભાષાનો શબ્દ છે. લૈલ એટલે રાત્રિ અને કદ્ર એટલે મહત્વની કે સન્માનીય રાત્રિ. એ અર્થમાં શબે કદ્ર એટલે પણ સન્માનીય રાત્રિ. આ રાત્રે ઈસ્લામના અંતિમ પયગમ્બર મહંમદ સાહેબ(સ.અ.વ.) પર કુરાને શરીફ ઉતરવાનો આરંભ થયો હતો. એ રાત્રે પણ હંમેશના નિયમ મુજબ મહંમદ પયગમ્બર સાહેબ(સ.અ.વ.)મકકામાં આવેલ જબલેનૂરની ટોચની નીચે ગારે હીરામાં ખુદાની યાદમાં લીન બેઠા હતા ત્યારે અલ્લાહના ફરિશ્તા હઝરત જિબ્રિલ ત્યાં આવી આપ(સ.અ.વ.)ને કહયું, ઈકરઅ બિસ્મેરબ્બીકલ લઝી ખલક. અને એ સાથે સૌ પ્રથમ આયાત મહંમદ સાહેબ પર નાઝીલ થઈ. એ સુરઃઅલકની આયાતમાં કહયું હતું, પઢો-વાંચો પોતાના ખુદાના નામે જેમણે આખા વિશ્વનું સર્જન કર્યું છે. એ જ તારો પાલનહાર ખુદા છે. જેણે ઈન્સાનને કલમ ધ્વારા જ્ઞાન આપ્યું છે અને ઈન્સાન જે વસ્તુ નહોતો જાણતો, જેનાથી તે અજ્ઞાન હતો, તે બધી તેને શીખવી છે.

કુરાને શરીફમાં આ આયાત પછી તુરત સુરતુલ કદ્રની આયાત આવે છે જેમાં કુરાને શરીફના અવતરણની રાત્રિની મહત્તા બયાન કરવામાં આવી છે. તેમાં ફરમાવ્યું છે, અમે આ કુરાનને કદ્રની રાત્રિમાં ઉતાર્યું છે અને તમે શું જાણો કે કદ્રની રાત હજાર માસ કરતાં વધુ બહેતર છે. ફરિશ્તાઓ અને રૂહો તેમાં પોતાના રબની મંજુરીથી દરેક માટે આદેશ લઈને ઉતરે છે. પરોઢના ઉદય સુધી તે રાત્રે દરેક માટે શાંતિ અને સલામતી છે.

એ જ રીતે કુરાને શરીફની ઈન્ના અન્ઝલના સુરતમાં ફરમાવ્યું છે, એ રમઝાન માસનો મહિનો છે જેમાં કુરાન ઉતારવાનું શરૂ થયું. જે માર્ગદર્શક છે એવા લોકો માટે, જે હિદયાતની રોશન સચ્ચાઈઓ ધરાવે છે. જે સત્યને અસત્યથી અલગ કરનાર છે. અમે આ કુરાન કદ્રની રાત્રે ઉતાર્યું છે. આપને શું ખબર, હે નબી કે શું એ કદ્રની રાત ?

આ સુરતોનો ભાવાર્થ જાણવા જેવો છે. સૌ પ્રથમ તો કુરાને શરીફનું અવતરણ રમઝાન માસમાં થયાનું પ્રથમ આયાતમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે. વળી, કુરાને શરીફ સમગ્ર માનવજાત માટે માર્ગદર્શક અને હિદાયત છે. જે સત્યને અને અસત્યથી અલગ કરી લોકો સમક્ષ મૂકે છે અને એટલે જ આવા મહાન ગ્રંથના અવતરણની રાત્રિ અન્ય સામાન્ય રાત્રિ જેવી ન હોઈ શકે. એ વિશિષ્ટ અને આદરણીય છે. મહાન દરજજા અને સન્માનની રાત્રિ છે. ઈજજતવાળી રાત્રિ છે કારણકે આ રાતે માનવીના ભવિષ્ય અર્થાત્ તકદીરનો નિર્ણય કરવામાં આવે છે. માનવીના કિસ્મતને બનાવવાની આ રાત છે. આ રાતે થયેલું કુરાને શરીફનું ઉતરાણ દુનિયાની તકદીર બદલી નાખનારું છે અને એટલે જ તે હજારો મહિનાઓથી વધુ સારી રાત્રિ છે. માનવીની ભલાઈ માટે હજારો મહિનાઓમાં જે કાર્ય નહોતું થયું તે આ રાત્રિમાં કુરાને શરીફના અવતરણના આરંભથી થયું છે એટલે તેનું મહત્વ અનેકગણું છે. આ રાત્રિમાં ફરિશ્તાઓ અને હઝરત જિબ્રીલ ખુદાની આજ્ઞાથી દરેક માટે હુકમ લઈને આવે છે. તેઓ સાંજથી બીજા દિવસની સવાર સુધી લોકો ઉપર શાંતિ અને સુરક્ષા વરસાવતા રહે છે. તેમાં બુરાઈને કોઈ સ્થાન નથી કારણકે અલ્લાહના સર્વ નિર્ણયો માનવજાતની ભલાઈ માટે જ હોય છે. શબે કદ્ર અંગે એક હદીસમાં મહંમદ સાહેબે ફરમાવ્યું છે- આ રાત્રે ધરતી પર આવતા ફરિશ્તાઓની સંખ્યા રેતીના કણોની સંખ્યા કરતાં પણ વધારે હોય છે. ધરતી પર ઉતારી આવતા આ કરોડો ફરિશ્તાઓ દરેક માનવીને તેની ઈબાદત અને સદકાર્યોનો અનેકગણો બદલો આપે છે. એમ માનવામાં આવે છે કે આ રાત્રે ખુદા દરેક માનવીનો આવતા વર્ષનો હિસાબ તૈયાર કરે છે. ટૂંકમાં તેના ભાગ્યનો નિર્ણય કરે છે. તેથી આ આખી રાત મુસ્લિમો નમાઝ, કુરાને શરીફના પઠન અને અન્ય ઈબાદતમાં રત રહે છે. આ રાત્રે મસ્જિદમાં ભારે ભીડ હોય છે. પરિણામે કેટલાક મુસ્લિમ બિરાદરો ફર્ઝ અને નફયલ નમાઝો મસ્જિદમાં અદા કરી પોતાના ઘરોમાં એકાંતમાં ખુદાની ઈબાદતમાં લાગી જાય છે.

ટૂંકમાં, આ રાતે હૃદયપૂર્વક ઈબાદત કરનાર માનવી વધુ કોમળ, પ્રેમાળ અને પવિત્ર બની જાય છે કારણ કે ખુદાના ફરિશ્તાની સતત રહેમત તેના પર વરસતી રહે છે.

• (સૌ.ડો.મહેબૂબ દેસાઈ)

## ● સદીના અંતે સમગ્ર યુરોપ ઈસ્લામના રંગે રંગાઈ જશે ?

સદીના અંતે યુરોપ મુસ્લિમ રાષ્ટ્રોનો સમુહ બની જશે એ વાત ભલે આજે થોડી અજુગતી લાગતી હોય પણ જે રીતે મુસ્લિમોની સંખ્યા વધી રહી છે એ જોતાં એમ લાગે છે કે આ વાત હકીકતમાં બદલાશે. વર્ષો પહેલાં મુસ્લિમો યુરોપમાં વિવિધ કારણોસર આવ્યા હતા જેમાં મુખ્યત્વે વ્યવસાય, અન્ય દેશમાં મુસ્લિમ સમાજ ધ્વારા શોષણ ખોરી, શાંતિ માટે વગેરેનો સમાવેશ થાય છે. એ તો સ્વાભાવિક છે કે કોઈપણ દેશમાં બહારથી આવતા લોકોની વસતી વધતાં સમસ્યાઓ ઉભી થાય છે.

એક અહેવાલમાં અમેરિકાના ઈતિહાસકાર બનાર્ડ લેવીસે જણાવ્યું છે કે એક દિવસ એવો આવશે કે જયારે યુરોપ ઈસ્લામના રંગે રંગાઈ ગયું હશે. બર્નાડે કહયું છે કે ૨૦૫૦ની સાલ સુધીમાં યુરોપમાં ઈસ્લામનો ડંકો વાગતો હશે.

હજારેક વર્ષે પહેલાં યુરોપવાસીઓએ મુસ્લિમ આક્રમણકારોને આગેકૂચ કરતાં ખાળ્યા એ પછી આ પહેલો સમયગાળો એવો આવ્યો છે જેમાં સ્થળાંતર કરીને આવેલા મુસ્લિમોથી યુરોપખંડ છલકાઈ રહયો હોય. ફ્રાન્સના જનસંખ્યા નિષ્ણાત કલોડ ચેઝનેઝ કહે છે: ઈસ્લામની નવી હદ યુરોપ ખંડ સુધી વિસ્તરી છે. ઈસ્લામ યુરોપમાં પોતાના પાયા મજબૂત કરી રહયો છે. યુરોપમાં મુસ્લિમ વસતિ વધી રહી છે. ખ્રિસ્તિ યુરોપવાસીઓના મનમાં મુસ્લિમો વિશેની એક સજજડ છાપ છે. મધ્યપૂર્વનું ત્રાસવાદ પ્રેરિત રાજકારણ, ભારતીય ઉપખંડ અને ઉત્તર આફ્રિકાના દેશોનો ઈસ્લામિક અંતિમવાદ અને દુનિયાભરના મુસિલમોનું મઝહબી ઝનૂન ઈત્યાદિ પર એમની મુસ્લિમ અને ઈસ્લામન પ્રત્યેની છાપ આધારિત છે. નાટોના સેક્રેટરી જનરલ વિલી કલેસ અને બ્રિટનની જાસૂસી સંસ્થા એમઆઈફાઈવ સાથે સંકળાયેલા સ્ટેલા રેમિંગ્ટને તો ત્યાં સુધી કહયું છે કે ઈસ્લામ ભવિષ્યમાં ભૌગોલિક અને રાજકીય જોખમ બની શકે છે. મુસ્લિમો વિશેની આવી છાપને કારણે યુરોપભરમાં એક નવા ફાસીવાદનો ઉદય થઈ રહયો છે.

મુસ્લિમો પરના હુમલા તો યુરોપમાં માત્ર બોસ્નિયામાં જ થયા છે.(ચેચન્યા નામના મુસ્લિમ બહુમતિ ધરાવતા રશિયન પ્રાંતમાં પણ અશાંતી ચાલે છે, પણ એ સમસ્યા જુદી છે. રશિયાથી અલગ થઈને સ્વતંત્રતા મેળવવાની ચેચન્યાની માંગણી કારણભૂત છે) પણ આખા યુરોપમાં એમની સામે ધિકકારની, નફરતની લાગણી ઉદભવી રહી છે.

યુરોપમાં ઈસ્લામનો પ્રભાવ ડગલે ને પગલે વરતાઈ રહયો છે. યુરોપવાસીઓના રોજિંદા જીવનના પ્રત્યેક પાસાને ઈસ્લામ સ્પર્શી રહયો છે. સાહિત્ય અને સંસ્કૃતીથી માંડી ફેશન સુધીની દરેક વાત પર ઈસ્લામ હાવી થઈ રહયો છે. મસ્જિદોની સંખ્યા વધી રહી છે. મદરેસાઓ અને અન્ય ઈસ્લામિક શિક્ષણ આપતી શાળાઓ પણ વધી રહી છે. યુરોપના દરેક મહત્વના શહેરમાં ઠેરઠેર કતલખાનાંઓ અને બકરીઓ નજરે પડે છે. ટુ ધ વેસ્ટ ઓફ અલ્લા નામના પુસ્તકના ફ્રેન્ચ લેખક ગાઈલ કેપલ કહે છે કે યુરોપ ઈસ્લામમાં અને ઈસ્લામ યુરોપમાં ભળી ગયાં છે. ઈસ્લામ એ યુરોપિયન જીવનની નવી હકીકત છે. બેલ્જિયમ, ફ્રાન્સ, ઈટાલી અને સ્પેન જેવા રોમન કેથલિક ખ્રિસ્તિઓની બહુમતી ધરાવતા દેશોમાં મુસ્લિમોની સંખ્યા પ્રોટેસ્ટન્ટો અને યહૂદીઓ કરતાંય વધુ છે. ફ્રાન્સમાં બાવીસ લાખ મુસ્લિમો વસે છે. જર્મનીમાંય મુસ્લિમોની સંખ્યા બાવીસ લાખની છે. બ્રિટનમાં ૧૪ લાખ મુસલમાનો છે. આખા પશ્ચિમ યુરોપમાં વસતા મુસ્લિમોનો સરવાળો માંડીએ તો એ સંખ્યા એક કરોડની થવા જાય છે. મહત્વની વાત તો એ છે કે આ આંકડો દિવસે ન વધે એટલો રાતે અને રાતે ન વધે એટલો દિવસે વધી રહયો છે. આનું કારણ છે યુરોપમાં જન્મદર ઓછો હોવાને લીધે અને વૃદ્ધોની સંખ્યા વધુ હોવાને કારણે ત્યાંના લોકોએ સસ્તા મજૂરો મળી રહે તે માટે અન્ય દેશો પર આધાર રાખવો પડે છે. આખા યુરોપમાં આ મજૂરો તૂર્કીમાંથી, ઉત્તર આફ્રિકાના મુસ્લિમ દેશોમાંથીઅને મધ્ય પુર્વેના દેશોમાંથી આવે છે. આ મજૂરોની સંખ્યા દિનબદિન વધી રહી છે. ફ્રાન્સની સરકારના અંદાજ પ્રમાણે આવતા પંદર વર્ષમાં એના આરબ મુસ્લિમોની વસતી સાઠ થી એંશી લાખની થઈ જશે.

આગામી બે દાયકામાં વિશ્વમાં બિન-મુસ્લિમોની સરખામણીએ મુસ્લિમોની વસતિમાં બમણા દરે વધારો થશે તથા ૨૦૩૦ સુધીમાં વિશ્વની કુલ વસતિમાં મુસ્લિમોનું પ્રમાણ ૨૫ ટકાથી વધારે થઈ જશે. આંતરરાષ્ટ્રીય એજન્સીના અહેવાલ મુજબ આગામી વીસ વર્ષમાં પાકિસ્તાન વિશ્વમાં મુસ્લિમોની સૌથી વધુ વસતિ ધરાવતા દેશ તરીકે ઈન્ડોનેશિયાને પાછળ રાખી દેશે.

આંતરરાષ્ટ્રીય અહેવાલ મુજબ આગામી ૨૦ વર્ષમાં મુસ્લિમોની વસતિમાં ૩૫ ટકાના દરે વધારો થશે. તથા વિશ્વમાં મુસ્લિમોની સંખ્યા ૨૦૧૦માં ૧.૬ અબજથી વધીને ૨૦૩૦માં સવા બે અબજ થઈ જશે. જો વર્તમાન વલણ યથાવત રહેશે તો ૨૦૩૦માં વિશ્વની કુલ અંદાજિત વસતિ ૮.૩ અબજમાં મુસ્લિમોનું પ્રમાણ ૨૬.૪ ટકા થઈ જશે.

ભૂતકાળમાં વસતિ વધારા માટે જવાબદાર પરિબળોના આધારે કરવામાં આવેલા અભ્યાસ મુજબ વર્ષ ૨૦૩૦ સુધીમાં વિશ્વના ૭૯ દેશોમાં મુસ્લિમોની સંખ્યા દસ લાખ કે તેથી વધુ થઈ જશે. આ પ્રકારના દેશોની સંખ્યા હાલ ૭૨ છે. જો વર્તમાન ટ્રેન્ડ યથાવત રહેશે તો વિશ્વની કુલ વસતિના ૬૦ ટકા મુસ્લિમો એશિયા-પેસેફિક દેશોમાં, ૨૦ ટકા મુસ્લિમો મધ્ય-પૂર્વ અને ઉત્તર આફ્રિકામાં વસતા હશે. જયારે યુરોપના કેટલાક દેશોમાં તેમની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે જો કે રશિયા અને ફ્રાન્સને બાદ કરતા યુરોપના અન્ય કોઈપણ દેશોની સરખામણીએ અમેરિકામાં વધુ સંખ્યામાં મુસ્લિમો હશે.

અહેવાલમાં જણાવ્યું છે કે ૨૦૩૦માં વિશ્વમાં સુન્નિ મુસલમાનોની સંખ્યા સૌથી વધુ(૮૭-૯૦ ટકા)હશે. જયારે દુન્યિાભરમાં શિયા મુસ્લિમોની સંખ્યામાં નજીવો ઘટાડો થશે.

યુરોપમાં પણ બ્રિટનનું જે ઝડપથી ઈસ્લામીકરણ થઈ રહયું છે તે ખૂબ જ આશ્ચર્ય પમાડનારું છે. અનેક સ્થળે સેંકડો વર્ષોથી અસ્તિત્વ ધરાવતા ચર્ચ બંધ પડી રહયાં છે. એકલા લંડન અને આસપાસના વિસ્તારોમાં ૫૦૦ ચર્ચ બંધ પડયા અને ૪૨૩ નવી મસ્જિદો બની ગઈ. મૌલાના સઈદ રઝા રીઝવી આ પરિવર્તનને લંડનિસ્તાનનું નામ આપે છે. લંડનના મેયર પણ મુસ્લિમ છેઃ સાદિક ખાન.

લંડનમાં ચર્ચોનું મસ્જિદમાં રૂપાંતર થાય છે એટલી જ ઝડપથી ધર્માંતરણ કરનાર લોકો ઈસ્લામને અપનાવી રહયા છે. ગયા વર્ષે વેસ્ટ મિન્સ્ટેરમાં ત્રાસવાદી હુમલો કરનાર ખાલિદ મસૂદ પણ ધર્માંતરણ કરીને મુસ્લિમ બન્યો હતો. બ્રિટનની અનેક મસ્જિદોમાં અંદર પૂરતા માણસોને સમાવવાની ક્ષમતા ન હોવાથી લોકો ખુલ્લામાં, જાહેર માર્ગો પર(ભારતની માફક)નમાઝ પઢે છે. આવા દૃશ્યો બ્રિટનમાં જોઈએ ત્યારે એમ લાગે છે કે બ્રિટનમાં ખ્રિસ્તિવાદ આથમી રહયો છે અને ઈસ્લામનો ઉદય થઈ રહયો છે.

બ્રિટનના બીજા નંબરના સૌથી મોટા શહેર બર્મિંગહામમાં જિહાદીઓની સંખ્યા વધતી જાય છે. બ્રિટનમાં થયેલા નાના-મોટા આતંકી છમકલાનું પગેરું શહેરમાંથી મળ્યું છે. અહીંની આકાશને આંબતી મસ્જિદો પોતાનું પ્રભુત્વ વધારતી જાય છે અને તેઓ કોર્ટમાં એવી માંગણી કરતા થયા કે અમને દિવસમાં ત્રણ વાર નમાઝના સમયે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દો. બર્મિંગહામમાં મુસ્લિમોની કુલ આબાદી ૨૧.૮ ટકા છે જયારે માંચેસ્ટરમાં ૧૫.૮ ટકા છે. બ્રાડફોર્ડમાં ૨૪.૭ ટકા છે. અચંબો તો એ વાતનો થાય કે લંડન જેવા શહેરમાં ૧૦૦થી વધુ શરીયા કોર્ટ છે. સાઉદી અરેબિયા ખાતેના બ્રિટિશ રાજદૂત સિમોન કોલીસે પણ ઈસ્લામ ધર્મ અંગીકાર કરી લીધો છે અને મક્કાની હજયાત્રા કરી આવ્યા પછી પોતાની ઓળખ હાજી કોલીસ તરીકે આપી છે.

મુસ્લિમ વસતિ યુરોપમાં વધવાનાં ઘણાં કારણો છ. જેમ કે બહારના દેશોના મુસ્લિમો યુરોપમાં ઠલવાઈ રહયા છે. પાકિસ્તાન, ઈરાક, અફઘાનિસ્તાન, પેલેસ્ટાઈન અને બાંગ્લાદેશમાં સતત અશાંતિના કારણે ઘણા મુસ્લિમો યુરોપમાં જઈને વસ્યા છે. પરંતુ જયારે વસતિ ગણતરી થાય ત્યારે મુસ્લિમોની અલગ ગણના થાય એ સ્વાભાવિક છે. બીજું કારણ એ છે કે એક મુસ્લિમ યુરોપના દેશમાં સેટ થયા પછી બીજાને બોલાવવામાં પોતાનો ધર્મ માને છે. ત્રીજું મહત્વનું કારણ એ છે કે મુસ્લિમો, યુરોપના મૂળ લોકો કરતાં ઉંચો ફર્ટિલીટી રેટ ધરાવેછે. અર્થાત્ તેઓ વધુ સંતાન પેદા કરી શકે છે. યુરોપમાં બે બસ વાળો કાયદો નથી. ખ્યાં વસતિ વધારનારને બોનસ અપાય છે. યુરોપમાં હાલમાં વસતા મુસ્લિમો માતબર, પૈસાદાર અને ઉંચી શૈક્ષણિક લાયકાત ધરાવનારા છે. આ મુસ્લિમોની સંખ્યા હાલમાં ઓછી છે. પરંતુ જયારે સંગઠિત થઈને તાકાત તાવવાનો સમય આવ્યો ત્યારે તેમણે ખુલ્લા મને યુરોપના દેશોની નીતિઓનો વિરોધ કર્યો છે અને વિશ્વભરના લોકોને પોતાના વિરોધનો મેસેજ મોકલ્યો હતો.

મુસ્લિમોના આ વસતિ વધારા પાછળ બેલ્જિયમ જેવા યુરોપીય દેશોની નીતિ પણ કારણભૂતછે. સસ્તા મજૂરો મેળવવા માટે બેલ્જિયમે મોરોક્કો અને તુર્કી જેવા દેશો સાથે સ્થળાંતર અંગે ખાસ કરારો કર્યા હતા. એ કરારો મુજબ સ્થળાંતર કરનાર મુસ્લિમોને એમના કુટુંબો સહિત બેલ્જિયમમાં આવવા દેવામાં આવતા હતા. બેલ્જિયમને એના ઉદ્યોગો માટે ઈટાલિયન, સ્પેનીશ, ગ્રીક અને પોર્ટુગીઝ મજૂરો કરતાં મોરોક્કો અને તુર્કીના મુસ્લિમ મજુરો વધુ સસ્તા પડતા હતા. આટલું ઓછું હોય તેમ બેલ્જિયમ સરકાર આ મુસ્લિમ મજુરોને બાળકો પેદા કરવા પ્રોત્સાહન આપતી હતી જેથી સરકારને વધુ ને વધુ યુવાન મજુરો મળી રહે. સરકારની આવી નીતિઓને કારણે મુસ્લિમ મજુરો આવ્યા અને એમણે વસતિવધારો પણ સરકારની ઈચ્છા મુજબ જોરશોરથી ચાલુ કર્યો. આ રીતે જોઈએ તો યુરોપની ખરી તકલીફ બે વર્ષમાં વધી છે. લોકોને ઈસ્લામ સામે વાંધો એ છે કે એ મઝહબ બીજી સંસ્કૃતિમાં ભળી શકતો નથી. (ક્રમશઃ)

## ● ગુજરાતની શાન એના નાગરિકોની રહેણીકરણી પર નિર્ભર છે !

માણસ માનવતાથી શોભે છે અને ઘર માણસથી શોભે છે. બંગલો ભલે ગમે તેટલો ગંજાવર અને શાનદાર હોય પણ એમાં વસતા માણસોના ચારિત્ર્યના ઠેકાણા ન હોય તો એ બંગલો શાનદાર હોઈ શકે પણ ઘર શાનદાર ના કહેવાય !

ઘર એની ઉંચાઈથી મોભાદાર થઈ જતું નથી! ઘરના લોકો મોભાદાર હોય છે. ઘર કોઈ માણસને મોભાદાર ન બનાવી શકે. માણસ ઘરને મોભાદાર બનાવી શકે છે! બંગલામાં રહેતા માણસને કોઈ ઓળખતું ન હોય, ઓળખતું હોય તો પણ એની ભવ્યતાથી અંજાઈને કોઈ માણસ એની સાથે વાત કરતા સંકોચ અનુભવતો હોય અને એનાથી દૂર રહેવાનું જ પસંદ કરતો હોય ને એની સમાંતરે કાચા ઘરનો સીધોસાદો માણસ પાંચમાં પૂછાતો હોય, એના સલાહ-સૂચનોનો આદર થતો હોય અને લોકો ખુલ્લા મને એની સાથે વાત કરી શકતા હોય તો એના કાચા ઘરને પણ મોભાદાર ઘર કહેવામાં કાંઈ અતિશયોકિત થતી નથી! પોતાની ભવ્યતામાં જ રાચતો માણસ સામાન્ય અને સામાજિક રીતે લોકસંપર્કથી વિમુખ થઈ જતો હોય છે. માણસે લોકાભિમુખ થવું જોઈએ. એની પાસે જતાં કોઈને સંકોચ ન થવો જોઈએ. માણસનું સાચું ચારિત્ર્ય લોકાભિમુખતામાંથી પ્રગટતું હોય છે. !

ઘરનું મોભાદાર હોવું પૂરતું નથી. ગામ પણ મોભાદાર હોવું જોઈએ. ગામની પણ એક શાખ હોવી જોઈએ. દૂર દરાજના ગામોમાં જે ગામની પ્રશંસા થતી હોય એ ગામ ખરેખર આદર્શ ગામ ગણાય! ગામનું સૌંદર્ય તાલુકાને શોભાવે છે અને તાલુકાથી જિલ્લા અને જિલ્લાથી પ્રદેશની શાન બને છે! એ રીતે જોઈએ તો આપણું ગુજરાત ખરેખર મોભાદાર, પ્રદેશ ગણાય! દેશ-વિદેશમાં ગુજરાતની શાન અને શાખના ડંકા વાગે છે. ગુજરાતની સુવાસ ચોમેર પથરાઈ ગઈ છે. આપણા મૂર્ધન્ય કવિએ તો કહયું છે કે જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં વસે સમગ્ર ગુજરાત! કલકત્તા જાવ તો કલકત્તામાં એક અલગ ગુજરાત ઉભુ થઈ જાય. બેંગ્લોરમાં જાવ તો ત્યાં પણ તમને ગુજરાતના ઝંડા લહેરાતા જોવા મળશે! પરંતુ અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે હમણાં થોડા દિવસથી ગુજરાતની શાન અને શાખ ખરડાય એવી પ્રવૃત્તિએ નિર્લજતા પૂર્વક ઢોલનગારા વગાડવા મંડી છે. ગુજરાતની અસ્મિતાને જ મૂળસોતી ઉખેડી નાંખવાના પ્રયાસો થઈ રહયા છે. એક તરફ એમ કહેવું આપણને ગમે છે કે જયાં વસે એક ગુજરાતી ત્યાં વસે ગુજરાત! એટલે કે ગુજરાતને ગમે ત્યાં જવાનો અધિકાર પણ ગુજરાતમાં બહારના કોઈને પ્રવેશવાનો અધિકાર નહિ! આવી બેવડી નીતિ ગુજરાતને શોભે ખરી? આપણા આ ડબલ સ્ટાન્ડર્ડ નીતિ ગુજરાતને બદનામ કરી રહી છે.બદનામી મળી જ ચુકી છે! બનારસ શહેર યુ.પી.માં આવ્યું. યુ.પી.માં જઈને આપણો એક ગુજજુભાઈ વડાપ્રધાન બની શકે છે. પણ બનારસની કોઈ વ્યકિતને ગુજરાતમાં મજદૂર બનવાનો પણ અધિકાર નહિ? યુ.પી.બિહારના લોકોને ગુજરાતમાંથી કાઢવા જ હોય તો યુ.પી.માં જઈને વડાપ્રધાનને પાછા બોલાવી લો! એમને પાછા બોલાવી શકો છો?

આપણે ગુજરાતની બહાર જઈને આપણું આગવું ગુજરાત વસાવી શકીએ છીએ. પરંતુ બહારના માણસને ગુજરાતમાં છાપરું બાંધવાનો પણ અધિકાર નહિ? અને કોણ છે એ લોકો? ગરીબ છે. મજદૂર છે. એ દુઃખના માર્યા અહીં આવે છે. એ જો સુખી સંપન્ન હોત તો પોતાનો ઘરબાર છોડીને, મા-બાપ સહિતના સગા-સંબંધીઓને છોડીને અહીં આપણી લાતો ખાવા આવે ખરા? મજદૂર પર જુલમ ગુજારવો એ સૌથી મોટું પાપ છે. આપણે ગરીબ મજદૂરને મદદરૂપ તો ન થઈ શકીએ. પરંતુ એને કનડગત કરવાનું તો ટાળી શકીએને?

આપણે દેશના લોકો દેશ પરદેશમાં વસે છે! એમાં ગુજરાતીઓની વાત કરીએ તો ગુજરાતી કયાં નથી પહોંચ્યો? ઈંગ્લેન્ડ, અમેરિકા, ફ્રાંસ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈરાન, ઈરાક, કુવૈત, મસ્કત અને દુબઈ વિગેરે દરેક જગ્યાએ ગુજરાતીઓના ધાડેધાડા જોવા મળે છે. એમની રીતે એમના રસમ રિવાજો પૂરા કરે છે. પોતાના ધાર્મિક અને સામાજિક ઉત્સવો મસ્તીભેર ધામધૂમથી ઉજવે છે. મનોરંજન કાર્યક્રમો યોજે છે. ગુજરાતમાંથી નાટકો તેડાવે. કલાકારોને તેડાવે અને જલસા કરે છે. ત્યાંના લોકો એમને એ બધું કરવામાં આડે નથી આવતા. જેને આપણા સમાજના આગેવાનો ગણીએ છીએ. બૌધ્ધિક અને સમજદાર ગણીએ છીએ. અને એ પોતે પોતાને માનવતાવાદીઓ કહેડાવવા મથે છે એવા લોકો આગળ આવીને કોઈ ઉકેલ આણવાને બદલે આમાં રાજકારણ ભેળવીને ગૂંચવાડા ઉભા કરે છે! એમ કહેવામાં આવ્યું છે કે આ બધું કરાવે છે. આમ પરસ્પર એકબીજા પર દોષારોપણની હોડમાં ઉતરી પડયા છે! ગમેતેણે કર્યું હોય કે સ્વયંભુ હોય, પણ જે થયું અને થઈ રહયું છે એ સારું નથી થઈ રહયું એટલું તો એ બધાને સમજાય છે કે નહિં? આગ લાગી છે એને હોલવવાને બદલે ધીકતી રાખીને આગ લગાડનારને શોધવા નીકળી પડે છે. અને અહિં બળીને બધું ખાક થઈ જશે ત્યાં સુધી આગ લગાડનાર પકડાવાનો નથી. એ પણ બધા જાણતા હોવા છતાં સૌ પ્રથમ આગ બુઝાવવાની કર્તવ્યનિષ્ઠા કોરે મૂકી દેવામાં આવે છે!

આપણે આટલા સંકુચિત કેમ થઈ ગયા છીએ! આપણામાં આટલી હદે ખુન્નસ કયાંથી આવી ગઈ? આ ખુન્નસ શેની છે? અને પરપ્રાંતીય નિર્દોષ લોકો માટે ખુન્નસ શા માટે હોવી જોઈએ? શું બગાડયું છે આપણું? માણસ એની મહેનત મજૂરી પર જીવી રહયો છે. એક વાત સમજી લો! કોઈને પોતાનું વતન અને પોતાના ઘરબાર છોડી પરાયા પ્રદેશમાં રહેવાનો શોખ નથી હોતો! વખાનો માર્યો માણસ હિજરત કરે છે! ભારતમાં કોઈ શહેર એવું નથી કે ત્યાં ગુજરાતી ન હોય! યુ.પી., બિહાર અને પશ્ચિમ બંગાલમાં પણ તમને ગુજરાતીઓ જોવા મળશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં પણ ગુજરાતીઓ વસે છે! એ જયાં છે ત્યાં લીલાલહેર કરે છે. મોટા બિઝનેસ ટાઈકૂન બનીને બેઠા છે! મુંબઈમાં તો ગુજરાતીઓએ પોતાનું એક આગવું સામ્રાજય ઉભું કર્યું છે! એ જોઈને આપણે રાજી થઈએ છીએ! આ માત્ર ગુજરાત પૂરતું નથી. બધા જ રાજયોમાં બધા જ રાજયના લોકો વસે છે. એવો કયો પ્રદેશ છે કે જયાં બીજા પ્રદેશના લોકો ન રહેતા હોય. ગુજરાતના લોકો અન્ય પ્રદેશોમાં જઈને વસી જતા હોય છે અને અન્ય પ્રદેશના લોકો ગુજરાતમાં આવીને વસી જતા હોય છે! આ પ્રક્રિયા સંજોગાધિન અથવા પરિસ્થિતિ આધિન સર્જાતી હોય છે! એ હવે પરંપરા બની ગઈ હોય ત્યારે આપણી માનસિકતા પણ એ પ્રમાણે કેળવાઈ જવી જોઈએ! ગુજરાત માટે તો ખાસ! જેમ ઘરની કે બંગલાની શાન ઘરના લોકો પર નિર્ભર છે તેમ ગુજરાતની શાન ગુજરાતના નાગરિકોની રહેણીકરણી પર નિર્ભર છે! ગુજરાતની અસ્મિતાને દાગ ન લાગે એ જોવાની આપણી ફરજ છે! ■

### શાદી પ્રસંગો હેસિયત પ્રમાણે ઉજવાય તો લેખે લાગે!

હમણાં તમે જોયા ન હોય એવા ભપકાદાર લગ્નના ફોટા જોયા અને સમાચર ધ્વારા તમને જાણવા મળ્યું કે ભારત જેવા ગરીબ દેશના સર્વોચ્ચ અને શિરમોર ઉધોગપતિની દીકરીના અત્યંત ધામધૂમથી લગ્ન થયા! એ જેવા તેવા લગ્ન નહોતા! કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી કંકોત્રી ધ્વારા ડબલ વી.વી.આઈપીઓને ભાવભીના અને ગર્વભીના નોતરા પાઠવીને પરિવારની આભાને છાજે એવા મનગમતા મહેમાનોને તેડાવ્યા હતા. ક્રિકેટ જગતના ખેલાડીઓ અધવચ્ચે રનઆઉટ ન થવાની કાળજી રાખીને દોડી આવ્યા હતા! ઉધોગજગતના તાતાઓ ધસી આવ્યા હતા! કોક અમને ઓળખે અને નમસ્કાર કરે એવી અપેક્ષા અને એવા ભાવ સાથે હરતા ફરતા નેતાઓ પણ આમતેમ ડાફેરો મારતા જોવા મળ્યા! એ મિડિયાનો પ્રતાપ! દેશ-વિદેશના મિડિયાને પણ તેડાવ્યા હતા! પત્રકારોને પણ કવરેજના બહાને આવા ઝાકમઝોળ લગ્નનો માહોલ જોવા અને માણવા મળે તો એ કંઈ સખણા બેસતા હશે? બસો-ત્રણસો કરોડ રૂપિયા ખર્ચી નાંખતાય થાકે નહિ! એટલે જ દીકરીની સાસુમાએ પુત્રવધુને બે કરોડ રૂપિયાનો નરદમ સોનાનો બ્લાઉઝ પહેરાવીને એ સાબિત કરવાનો પ્રયાસ કર્યો કે અમે પણ વેવાઈથી ગાંજયા જઈએ એવા નથી! એ બ્લાઉઝમાં કાપડ મિલની કે દરજીની જરૂર પડી નથી એજ એ બ્લાઉઝની ખૂબી છે. બ્લાઉઝનું પોત પણ સોનીએ વણ્યું અને સીલાઈ પણ સોનીએ જ કરી અને સાસુમાએ એ સોનાનો બ્લાઉઝ પહેરાવીને પુત્રવધુના બેકસાઈડ ફોટા પણ મીડિયામાં ફરતા કરી દીધા! એક માત્ર સાસુમા જ નહિ, લગ્ન મહાલવા કે માણવા આવેલ તમામ મહેમાનોએ પોતાનું અસ્તિત્વ સાબિત કરવાના પ્રયાસો કયાં નથી કર્યો? એક માત્ર ઉધોગપતિ રતન તાતાને જ ખુદને સાબિત કરવાની જરૂર નથી પડી! બધા અત્યંત મોંઘા સૂટમાં સજજ થઈને ફરતા હતા ત્યારે રતન તાતા આપણા જેવા માત્ર શર્ટ અને પેન્ટ પહેરીને જ ફરતા હતા ને તોય એ સાબિત થઈ ગયા કે આ જ રતન તાતા છે! બીજા બધાની જેમ તાતા લગ્ન મહાલવા નહોતા આવ્યા, લગ્ન માણવા આવ્યા હતા! તાતાની સાદગીએ પણ સાબિત કરી આપ્યું કે <u>રસ વગરની જમીનને જ ખાતરની જરૂર પડે, કસવાળી જમીનને નહિ!</u> ને એટલે જ કદાચ તાતાએ પહેરવા ખાતર સૂટ જેવો પહેરવેશ નહિ હોય આમ સામાન્ય રીતે તાતા સૂટમાં બહુ ઓછા દેખાતા હોય છે! સારું છે કે આપણા ગુજરાતી કવિઓમાં કોઈ સાહિર લુધ્યાનવી નથી. નહિ તો તાજમહલની નજમ પરથી પ્રેરણા લઈને લખી માર્યું હોત કે,

**એક ઉધોગપતિએ દોલતનો સહારો લઈને**
**અમ ગરીબોની દીકરીઓની ઉડાવી છે મજાક!**
**<u>પણ આવું કહેવાનો તમને શો અધિકાર છે?</u>**
**<u>તમેય પ્રસંગ આવ્યે એનાથી સવાયા નથી બની જતા?</u>**

સામેવાળાની દીકરીનાં લગ્ન કરતાં તમારી દીકરીના લગ્ન વધુ ભપકાદાર હોય એવા પ્રયાસો તમે નથી કરતા? સામેવાળાએ પાંચસો માણસોનું જમણવાર કર્યું તો હું એક હજાર માણસોનું જમણવાર કરીશ એવી નાદાન હરિફાઈ તમે પણ કયાં નથી કરતા? એમની પાસે તો છે અને ખર્ચે છે! આપણે તો ના હોય તો ઉધાર ઉછીનું કરીને ય આપણા દીકરા-દીકરીના લગ્નમાં ધમાચકડી મચાવી દેવામાં કયાં પાછા પડીએ છીએ! રૂડું રૂપાળું ઘર આંગણું છોડીને પાર્ટી પ્લોટમાં શા માટે પહોંચી ગયા? જમણવારને રિસેપ્શન જેવું ફેશનેબલ નામ આપીને આપણે કેવા હરખાતા ફરીએ છીએ? અને રીસેપ્શન પણ કંઈ જેવું તેવું? ફરાસખાના ધ્વારા સજાવેલી સામિયાણું પ્રવેશધ્વારથી જ આકર્ષણનું કેન્દ્ર બને છે! આની પાછળ ફરાસખાનાવાળાને જેટલા રૂપિયા આપ્યા એટલા આપવાની જરૂર ખરી? અને હજારો રૂપિયા પાર્ટી પ્લોટનું ભાડું ખર્ચવાની શી જરૂર છે? અને ઉપરથી જમણવારના નખરા! સત્તર જાતના ટેબલ અને બત્રીસ જાતની વાનગીવાળું ધિંગુ મેનુ શા માટે? આવું બધું જો હું, તમે

ને આપણે કરી શકતા હોઈએ તો ઉધોગપતિ શા માટે ના કરે ? ઉધોગપતિને કશું કહેવા જેવું નથી. જે કાંઈ કહેવાનું છે તે આપણી જાતને કહેવાનું છે ! લગામ પણ આપણે જાતને જ દેવી પડે ! કારણકે ઉધોગપતિ જે કાંઈ કરે છે એના ગજામાં રહીને કરે છે અને આપણે જે કાંઈ કરીએ છીએ તે ગજા બહારનું ઉધાર કરીને કરીએ છીએ. આપણા માથે થોડું ઘણું દેવું તો અગાઉથી જ લદાયેલું હોય છે. માથા પરથી એ ભાર ઉતારવાના બદલે વધારાનો ચાર ગણો ભાર માથે લાદીને લગ્નોત્સવ ઉજવીએ છીએ ! આપણે સમગ્ર ખર્ચ બાજુમાં રાખીને એકમાત્ર ફરાસખાનાનો ખર્ચ ધ્યાનમાં રાખીએ તો એટલા ખર્ચમાં ગરીબના પાંચ દીકરા-દીકરીઓના લગ્ન આટોપાઈ જતા હોય છે !

માણસ કમાય છે શા માટે ? જીવનમાં ઉજવવા જેવા આવતા આવા શુભ પ્રસંગો ઉજવવા માટે જ તો કમાતા હોઈએ તો શા માટે એ પ્રસંગો ધામધૂમથી ન ઉજવવા જોઈએ? ઉજવવા જ જોઈએ પણ હેસિયત પ્રમાણે ઉજવાતા હોય તો લેખે લાગે ! જેની પાસે પૈસા છે અને ખર્ચે છે એ સામે કયાં મુશ્કેલી આવવાની હતી ? પણ જેની પાસે નથી એ લોકો પણ દેખાદેખીમાં દેવું કરીને ખર્ચે છે. આ લોકો મુશ્કેલીમાં મુકાઈ જતા હોય છે. કોઈએ વીસ તોલા સોનું આપ્યું તો હું ત્રીસ તોલા કે પચાસ તોલા સોનું આપીને સમાજમાં લોકો જોતા રહી જાય એવું કરીશ ! આવી હરિફાઈ જેની પાસે પૈસા છે તેને પોષાય પણ સામાન્ય માણસે તો એવી હરિફાઈથી દૂર જ રહેવું જોઈએ. સામાન્ય માણસ એવી હરિફાઈ કરે તો એ નાદાનિયત છે ! મિડલકલાસના માણસે તો ગણતરીપૂર્વક જ ચાલવું પડે. અગાઉથી જ કહી દેવું પડે કે હું આટલા તોલા જ સોનું આપી શકીશ. અને જાનમાં કેટલા માણસો લાવવાના છે ? એ પણ અગાઉથી પૂછી લેવાનું હોય છે !

જે લોકો હેસિયત બહાર ખર્ચ કરે છે એ લોકો તો એ પછીના દિવસોમાં દુઃખી થાય જ છે, પરંતુ સંતાનોને વારસામાં પણ દેવું જ આપી જતા હોય છે. ઘર ગિરવે મૂકાઈ ગયું હોય તો સંતાનોને વારસામાં મળેલું દેવું ભરપાઈ કર્યા વગર છુટકો નથી ! મા-બાપ માત્ર પોતાને માટે નથી જીવતા એ સંતાનો માટે પણ જીવે છે. સંતાનો માટે પણ કશુંક મુકતા જવાની મા-બાપની ઝંખના હોય છે. આ કશુંક મુકતા જવામાં દેવું મુકતા જાય એને શું કહેવું ?

સમાજમાં ધનાઢય વર્ગ સર્વોપરી છે. એ પછી મિડલકલાસ અને લોઅર મિડલકલાસ આવે છે. મિડલકલાસ લોકો ધનાઢયની બાજુમાં જ આવતા હોવાથી એમને એ રીતે પોતાની રહેણીકરણી પોતાની અંગત અને આંતરિક સ્થિતિ કેટલાક પ્રશ્નો ઉભા કરે છે. ને એ પ્રશ્નો આંતરિક રીતે એમને પજવતા પણ હોય છે. છતાં માનમોભો જાળવી રાખવા માટે એ પ્રશ્નોની પણ અવગણના કરવી પડે છે. એ અવગણનાનો એમને ખાસો સમય ભાર વેઠવો પડતો હોય છે. લોઅર મિડલકલાસને આવા ઠાઠ ભપકા કરવાની પળોજણનો મુકાબલો કરવો પડતો નથી. છતાં એમને પણ લગ્ન અંગેની ચાલી આવતી રૂઢિપ્રથામાંથી પસાર થવું જ પડતું હોય છે અને એ માટે પણ એની પાસે પૂરતી સાધન સામગ્રી હોતી નથી. એટલે કેટલીક જવાબદારીઓ નજીકના સંબંધોમાં વહેંચી દઈને અને કેટલીક બાબતોમાં ગજા પ્રમાણે દેવું કરીને વ્યવસ્થા ઉભી કરવી પડતી હોય છે. ગમે તેમ લગ્ન પ્રસંગો હવે મોંઘા થતા જાય છે અને એમાંથી પસાર થયા વિના કોઈનોય છુટકો હોતો નથી. ધનાઢય માણસ હોય કે મિડલકલાસ હોય કે લોઅર મિડલકલાસનો ગરીબ માણસ હોય, એ દરેકને દિકરા-દિકરી તો હોવાના જ અને દરેકને લગ્નના વિકટ પ્રશ્નમાંથી પસાર થવું પડતું હોય છે ! અને બધાને ગજા પ્રમાણે એ બધી રસમ અદા કરવી પડતી હોય છે. તે છતાં ઈકોનોમિક વિચારધારાને ધ્યાનમાં રાખીને દેખાદેખીથી અથવા નાહકની હરિફાઈમાંથી બચી શકાતું હોય તો એ પહેલું વિચારવું જોઈએ દેખાદેખી અને હરિફાઈ તદન નકારાત્મક બાબત છે અને એનાથી દૂર જ રહેવું જોઈએ. ઈસ્લામી તરીકો ન અપનાવાય ?

**ઘર તો તારાથી ખરેખર ઘર થયું,**
**જે કશું ખુટતું હતું સરભર થયું !**

## ● વિદાય અને આવકાર

▪ હનીફ નાડત (કોંઢ)

ભર બપોરે રફીક શેઠ ખેતરેથી આવીને હાથ મોઢુ ધોવા લાગ્યા. રેહાના શેઠાણી જમવાનું તૈયાર કરી રહયા હતા. રફીક શેઠ હાથ મોઢુ ધોઈને સીધા ડાયનીંગ ટેબલ પર બેઠા. અવનવી વાનગીઓથી મિનિટમાં રેહાનાએ ટેબલ સજાવી દીધું. હજુ તો પ્રથમ કોળિયો મોઢામાં રફીક શેઠ મૂકતા હતા કે રેહાના બોલી, મારે તમને એક વાત કહેવાની છે. બસ તમારે બૈરાઓને આ એક જ ટાઈમ હોય છે. જયાં પતિ જમવા મોઢુ ખોલે કે કાયમ તમારી એક વાત ઉભેલી જ હોય. ચાલ બોલી નાંખ શું કહેવું છે ? રફીક શેઠે રમુજી ટહુકો કર્યો એટલે રેહાના મનમાં સમજી ગઈ કે શેઠનો મૂડ હમણાં રમુજ કરવાનો છે એટલે એણે સિરીયસ થઈને ધીમા સ્વરે વાતની શરૂઆત કરી.

જુવો...આપણી દીકરીનો આજે સવારે મોબાઈલ કોલ આવ્યો હતો. દીકરીને ત્યાં પાક પરવરદિગારે દીકરી અર્પી છે. તમો નાના બની ગયા અને હું નાની...રફીક શેઠ રેહાનાની વાત સાંભળીને ખાતા ખાતા અટકી ગયા...મોઢા પર એક કડવાશ પ્રસરી ગઈ. છતાં પણ રેહાનાએ વાત આગળ વધારી. સાંભળો...બધું ભૂલી જાવ. બે વરસોના વહાણા વાઈ ગયા મારી મુનીરાને હવે તો ક્ષમા આપો. આજે માતૃત્વના શિખરે બિરાજેલી મારી મુનીરાને પણ એના માવતર તો યાદ આવતા જ હશે ને ? ત્યાં અજાણ્યા લોકોમાં મારી દીકરીનું કોણ ? જો તમો રજા આપો તો હું...હજુ તો રેહાના વાત આગળ વધારે એ પહેલાં જ રફીક શેઠ ત્રાડકયા. ખબરદાર...એવી નાલાયક દીકરીની વાત મારી આગળ હવે પછી કરી છે તો...મારા માટે તો એ બે વરસ પહેલાં જ મરી ગઈ હતી. એનું નામ હવે કયારેય મારા ઘરમાં ન લેતી. એને ત્યાં દીકરી જન્મે કે દિકરો....આપણા બાપના કેટલા ટકા ? તને ખબર છે ને ગામ આખામાં મારો મોભો કેવો હતો. આજે હું એવી કપાતર દીકરીના અવળા પગલે મરવા પડયો છું. મને બાપ જન્મારે બી.પી. અને ડાયાબિટીઝ ન હતું ને આજે આવા રોગોમાં મારે એ દીકરીના લીધે જ સપડાવું પડયું ને ? રેહાના ભૂલી જા એને, એને હવે કયારેય તુ ફોન કરતી પણ નહી.

રફીક શેઠ ખાવાનું પડતુ મેલીને ઉભા થઈ ગયા. કસમયે અવળી વાત કહેવાઈ ગઈ હતી એનો અફસોસ રેહાનાને પડી રહયો હતો. જમ્યા વીના રફીક શેઠ સીધા એમના હિંચકે આવીને બેઠા. એ.સી.ચાલુ કરી રફીક શેઠ હિંચકે બેઠા બેઠા વિચારે ચઢી ગયા.

રફીક શેઠ આમ તો ખમતીધર ખેડૂત હતા. અહીં ગામડામાં અઢીસો એકરના એ ખાતેદાર હતા. બધુ એમના ઘેર આભલે ભરેલુ હતુ. ગામમાં એમની શ્રીમંત ખેડૂતોમાં ગણના થતી હતી. નમ્ર સ્વભાવ, પર સેવા માટે હંમેશા તત્પર રહેતા રફીક શેઠને ગામ આખાના લોકો માનની નજરે જોતા. રફીક શેઠ દયાળુ એવા કે ગામમાંથી કોઈ કંઈ લેવા આવે તો ભાગ્યે જ એને રફીક શેઠ ખાલી હાથે કાઢતા. ગામમાં અને આસપાસના ગામડાઓમાં રફીક શેઠને લોકો માનપૂર્વક યાદ કરતા. જેવો રફીક શેઠનો સ્વભાવ એવો જ રેહાના શેઠાણીનો પણ માયાળુ સ્વભાવ.

આવા દયાળુ સ્વભાવાન રફીક શેઠને ત્યાં વરસો પહેલા એક દીકરીનો જન્મ થયો હતો ત્યારે દંપતીને હરખનો પાર ન રહેલો. ગૌરવર્ણી મુનીરાના આગમનથી રફીક શેઠ રાજી રાજી થઈ ગયા હતા. અને ગામ આખામાં જલેબી વહેંચી હતી. જે વાણોતર બાઈ ગામ આખામાં જલેબી વહેંચીને આવી એને રફીક શેઠે પાંચ હજારને એક રૂપિયો આપ્યો હતો. ગામનું વૈતરું કરનારી બાઈને આટલા રૂપિયા મળ્યા એના આનંદમાં એને હરખના આંસુ સરી પડયા હતા. આવા સાલસ સ્વભાવના રફીક શેઠની એ લાડકી દીકરી લાડકોડમાં મોટી થવા માંડી.

મુનીરા ચાર વર્ષની થઈ ત્યારે એને રફીક શેઠ મદ્રેસાએ મૂકવા ગયા. જે મૌલાના સાબ પાસે એને બેસાડી એ મૌલાનાને રફીક શેઠે એક હજારને એક રૂપિયાનું કવર આપ્યું. અને હોંશે હોંશે રફીક શેઠ દરરોજ મદ્રેસાએ મુનીરાને આંગળી પકડીને મૂકવા જતા. આ એમનો નિત્યક્રમ બની ગયો હતો. પછીના વર્ષે સ્કૂલમાં દાખલ કરી. ભણવા-પઢવામાં મુનીરા હોંશિયાર હતી. પ્રથમ દિની તાલિમ પૂરી કરી પછી એ ભણવામાં પણ હોંશિયાર હતી એટલે એને ભરૂચની સાયન્સ કોલેજમાં દાખલ કરી. રેહાના તો ના-ના કરતી રહી પણ રફીક શેઠે એને કોલેજ જવા-આવવા માટે લેટેસ્ટ એકટિવા પણ અપાવી દીધી હતી.

એવું ન હતું કે ગામડેથી મુનીરા એકલી જ ભરૂચ જતી હતી. પણ ગામના બીજા ઘણા છોકરા-છોકરીઓ પણ કોલેજમાં જતા હતા. એવું પણ ન હતું કે નમણી મુનીરા દેખાવે પણ અવ્વલ હતી પણ કોલેજમાં પણ એ દર વર્ષે પ્રથમ આવતી હતી. અને ગામના લોકોને રફીક શેઠ જાહેરમાં કહેતાય ખરા...જો જો ને...મારી મુનીરાને તો ડોકટર જ બનાવીશ. પણ કહેવાય છે ને અમાસ આવતા આકાશનો ચાંદ સંતાય જાય એમ કોલેજના છેલ્લા વર્ષે છેલ્લું પેપર આપવા મુનીરા ગઈ એ ગઈ.

અને આજે બે વર્ષ થઈ ગયા. એના ઘેરથી જવાને....હા...મુનીરાનો પગ એક અશુભ ઘડીએ કુંડાળામાં પડી ગયો હતો અને એની સાથે જ ભણતા એકયુવક જોડે મુનીરા પરણી ગઈ હતી. બસ ત્યારનો દિવસ અને આજની ઘડી કયારેય રફીક શેઠે મુનીરાને યાદ કરી ન હતી. દીકરીના આ પગલે ગામ આખાના લોકો પણ દુ:ખી થયા હતા. અને દિલાસો આપવા આવ્યા હતા. પણ ત્યારે રફીક શેઠ રડતા સ્વરે લોકોને કહેતા, ખુદા પાકે એકની એક દીકરી આપી અને એ પણ મને નીચો પાડીને ઉપડી ગઈ એના રસ્તે...બસ મરી ગઈ...મારે મન એ આજે જ મરી પરવારી...ખુદા પાક....તેં મને આ કેવી કપરી પરીક્ષામાં પાડયો. પરવરદિગાર એના કરતાં અમને તેં સંતાન જ ન આપીને વાંઝીયા રાખ્યા હોત તો સારું થાત. આજે આ જતી જિંદગીએ આવડી મોટી નાલેશી તો મારે ન ઉઠાવવી પડતે ને ? વાહ રે ખુદા પાક વાહ...તેં તો મારું ચણીબોર જેવડું નાક સમાજમાં કપાવ્યું. આવું આવું કહેતા જાય રફીક શેઠ અને રડતા જાય. ગામ લોકોએ ત્યારે કહયું પણ હતું..., રફીક શેઠ, તમારી

દીકરીને અમો પાતાળમાં હશે તો ત્યાંથી પણ શોધી લાવીએ. પણ રફીક શેઠ તો એક જ વાત કરતા, ના ભાઈઓ ના, મારે મન તો એ મરી પરવારી. એને શોધવા જવાની કોઈ જરૂર નથી. તો રફીક શેઠના ખાસમ ખાસ મિત્ર ગનીભાઈ પટેલનો પણ ફોન આવ્યો કે મિત્ર રફીકભાઈ...ચોવીસ કલાકમાં તમારી દીકરીને હું હાજર કરી દઉં. કેમ કે કેન્દ્રમાં અમારી સરકાર છે. મિત્ર તમો હુકમ કરો. ઘડીના છઠ્ઠા ભાગમાં તમારી દીકરી તમારી પાસે. અને પેલાને એવા ખોટા કેસમાં સપડાવી આપીશ કે પરણવાની ઉંમર વીતી જશે તો પણ જેલમાંથી છુટશે નહી. મિત્ર તમને ખબર છે ને...હું સફળ રાજકારણી છું. કેન્દ્રમાં પણ મારું નામ માનથી લોકો અને નેતાઓ લે છે. બસ તમારા હુકમની જ વાટ જોઉં છું. પણ ના, રફીક શેઠે મિત્ર ગનીભાઈને પણ ત્યારે રોકડું પરખાવી દીધું હતું, ના ગનીભાઈ...એ ગઈ એ ગઈ એનું મોઢુ મારે નથી જોવું. વરસેક પછી ગામના મોભી મંડળે પણ રફીક શેઠને સમજાવ્યા કે શેઠ જે થયું એ ખરું....હવે દીકરીને તેડાવો પણ રફીક શેઠનું માત્ર એક જ રટણ...મારે મન તો એ મરી પરવારી.

આમ સાવ એવું પણ ન હતું કે મુનીરાએ જે યુવક જોડે લગ્ન કર્યા હતા એ યુવક કોઈ લબાડ હતો. એ યુવક ગરીબ હતો પણ સંસ્કારી હતો. અને એના માવતર પણ સંસ્કારી હતા. પણ રફીક શેઠનું એક જ રટણ કે લાડકોડથી દીકરીને મોટી કરેલી, સુખ સાહબીમાં ઉછેરેલી . મને એ પોતાના હૃદયની વાત કહેતે તો હું એને એ યુવક જોડે રાજીખુશીથી પરણાવતે પણ આમ અમને કોડીના કરીને એ પરણી ગઈ એનો મને પ્રોબ્લેમ છે. આવા ને આવા વિચારોમાં રફીક શેઠની કયારે આંખ લાગી ગઈ એ ખબર જ ન પડી. રેહાના શેઠાણી ઘરના છાના ખૂણે આંસુ સારતી બેસી રહી. એને ખબર હતી રફીક શેઠ કયારેય હવે દીકરીનું મોઢું જોશે નહી.

કેમ ફઝીલા બેન આટલા દિવસોની રજા કેમ પાડી ? તમને તો ખબર છે ને કે મારા ઘરમાં બીજી બે કામવાળી બાઈઓ આવે છે છતાં તમે આમ રજા પાડો તો અહીં ઘરનું કેટલું કામકાજ અટકી પડે ? બેન આવું હવે હું ચલાવી ના લઉં.

સવાર-સવારમાં ચારેક દિવસ ગેરહાજર રહીને આજે આવેલી કામવાળી ફઝીલાને રેહાનાએ રીતસરની ખખડાવી નાંખી. અરે રેહાનાબેન, મારે મજબુરી હતી. મારી દીકરીના સગપણ માટે આવ્યા હતા એમાં મારે ચાર દિવસ રજા પાડવી પડી. બેન આમ તો હું વિધવા, ઉપરથી આ દીકરીનો અવસર આવીને ઉભો. ગજવામાં ફૂટી કોડી નથીને આવતા મહીને દીકરીના લગ્ન લેવાયા. બધું ઉપરવાળાને ભરોસે સોંપ્યુ છે. એજ મુજ ગરીબની લાજ રાખશે. કામવાળી ફઝીલાએ ચોખવટ કરી એટલે શેઠાણી ઢીલા પડયા.પણ આ વાર્તાલાપ રફીક શેઠ પણ સાંભળતા હતા. મનમાં વિચાર્યું, આ ગરીબ તણખલા જેવી કામવાળીને પણ દીકરી પરણાવવાની કેટલી હોંશ છે. ગરીબ હોય કે શ્રીમંત. બાળકો પરણાવવાનો ઉત્સાહ દરેકમાં અકબંધ જ હોય. પણ આ તણખલા જેવી ફઝીલાએ તો લગ્નનું ઉપરવાળા પર છોડી દીધું...મહિના પછી લગ્ન લેવાશે ત્યાં જોયું જશે. એ વિચારે આજ થી ફરી કામે ચઢી ગઈ હતી. ફઝીલા ઘરમાં ઝાડુ ફેરવતી ફેરવતી રફીકભાઈના હિંચકા પાસે આવી ત્યાં રફીક શેઠ બોલ્યા....ફઝીલા બહેન તમો દીકરી પૈણાવવાની ફિકર ન કરો. ખમારી દીકરીના લગ્ન હું મારા ખર્ચે કરીશ. જે ખર્ચો થશે એ હું આપીશ. અને દીકરીનો સોયથી લઈને એરકંડીશન સુધીનો તમામ કરિયાવર હું આપીશ. બેન તમો નચિંત રહો. શેઠની વાત સાંભળીને ફઝીલા રડુ રડુ થઈ ગઈ. પણ ફઝીલા બેન તમારી દીકરી મારા ઘેરથી હું વળાવીશ આ મારી શરત છે. તમારે જેટલા મહેમાનોને નોતરું આપવું હોય એને આપી દો. અને સામે પક્ષે વેવાઈને પણ જણાવી દો જાનમાં મન ચાહે એટલા માણસો લઈને આવે. ફઝીલાબેન મારે કયાં ખજાને ખોટ છે. ખુદા પાકે પુષ્કળ આપ્યું છે. મારી દીકરીને વિદાય કરવાનું એક સ્વપ્નું હતું પણ દીકરી તો ચાલી ગઈ. ખૈર તમો તૈયારી કરવા માંડો. જેટલા પૈસા જોઈએ લગ્ન માટે એ હું આપીશ.

અને સાચેજ મહિના પછી રફીક શેઠના આંગણે ભવ્ય મંડપ બંધાયો. ફઝીલાની દીકરી પણ અઠવાડિયાથી રફીક શેઠના બંગલે આવી ગઈ હતી. અને રફીક શેઠે દિલ ખોલીને યતિમ દીકરીને તમામ મોંઘી વસ્તુઓ લઈ આપી હતી રેહાના શેઠાણી પણ આવા આંગણે આવેલા અવસર સાચવી લેવા પતિના પડખે ઉભ હતા. રફીક શેઠે ગામ આખાને ત્રણ દિવસ ધુમાડાબંધ જમાડયું. ગામલોકો પણ આવા અવનવા અવસરને દિલથી માણી લેવાના મૂડમાં હતા.

અને આજે જાન આવીને રફીક શેઠને આંગણે ઉભી. જાનૈયાઓની ખુબ સરભરા કરી. ફઝીલા અને એની દીકરીને તો આ બધું સ્વપ્ન જેવું લાગતુ હતુ. રફીક શેઠના પોતાની દીકરી પરણાવવાના જે અરમાન હતા એ આજે આમ પૂરા થતા જોઈને ગામ લોકો પણ વાહ વાહ પોકારી ઉઠયા હતા.

અંતે વિદાય વેળાએ ફઝીલાની યતિમ દીકરી રફીક શેઠ અને શેઠાણીને વળગીને ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડી. રફીક શેઠ અને શેઠાણી પણ રડી પડયા. દીકરી એની ગાડીમાં બેઠી અને જાનૈયાઓ વિદાય થયા. મંડપમાં હજુ ગામલોકો હાજર હતા. એમની આંખો પણ આવા લગ્ન જોઈને ભીની થઈ ગઈ હતી. ફઝીલા હજુ પણ રડતી હતી કે રફીક શેઠના મંડપમાં એકરીક્ષા આવીને ઉભી. એમાંથી રફીક શેઠની મુનીરાના ખોળામાં નાની એવી દીકરી હતી. ત્રણેવને બાપના બંગ્લે આવો મોટો મંડપ નિહાળીને આશ્ચર્ય થયું. ગામલોકો મુનીરાને જોઈને એની પાસે આવ્યા. મમ્મી...પપ્પા...એમ કહી રડતા માવતરને વળગીને રડી પડી. રફીક શેઠ કંઈ વિચારે એ પહેલા રેહાનાએ નવાસીને પોતાની પાસે લઈ લીધી અને ગામના મોભી એવા ચારેક વ્યકિતઓએ રફીક શેઠને કહયું, ભર્યા મંડપમાં આપણી મુનીરાના પગલા પડયા. એને જાઢારો નહીં પણ આવકાર આપો. જે થયું એ ભૂલી જાવ. કુદરતનો યોગાનુયોગ તો જુવો...એક દીકરી મંડપમાંથી વિદાય થઈ ત્યાં મુનીરા આંગણે આવીને ઉભી. શેઠ...ગઈ ગુજરી ભૂલી જાવ. ઉપરવાળો આપણા હજાર ગુન્હા માફ કરે તો આપણે દીકરીની એક ભૂલ માફ ન કરી શકીએ ? અને રફીક શેઠ મુનીરાને વળગીને નવેસરથી રડવા માંડયા. દામાદને પણ ગળે લગાડયો. ગામલોકો આવું વિરલ દ્રશ્ય જોઈને રાજી-રાજી થઈ ગયા. દીકરી-જમાઈને શેઠે સ્વીકારી લીધા. ▪ (સમાપ્ત)

વિદેશી વાર્તા

## જિંદગીની અત્યંત કરૂણ કથા

યુરોપના એક નાનકડા દેશ મોલદોવાના એક ખૂબ જ ગરીબ કુટુંબમાં જન્મેલી નતાલી માત્ર ચાર વર્ષની હતી ત્યારે તેની માતાને અકસ્માત નડયો અને તેની માતા અંધ બની ગઈ. એટલે નતાલીએ તેની નાનીમા પાસે રહેવા જવું પડયું. નતાલીની નાનીમા પણ અત્યંત ગરીબ હતી. તેને બે ટંક ખાવાના પણ સાંસા હતા. નતાલી સાત વર્ષની હતી ત્યારે તેની નાનીમાએ એક દિવસ તેને કહયું કે હું તને સ્પેશિયલ જગ્યાએ લઈ જાઉં છું. તને ત્યાં દરરોજ ખાવા મળશે અને તું ત્યાં ભણવા પણ જઈ શકીશ. નતાલી તો ખુશ થઈ ગઈ. જો કે તેને કલ્પના નહોતી કે તે કયાં જઈ રહી છે.

નતાલીની નાનીએ તેને કહયું નહોતું કે તે તેને એક અનાથ આશ્રમમાં મૂકી રહી છે. આમ પણ એ વખતે નાનકડી નતાલીને અનાથાશ્રમનો અર્થ પણ ખબર નહોતો. પરંતુ એને એટલી ખબર હતી કે તેના દેશનાં બાળકો સાત વર્ષની ઉંમરે ભણવાનું શરૂ કરતા હોય છે એટલે તેને સારું લાગ્યું કે હવે તે સ્કૂલે જવાનું શરુ કરી શકશે. તેની નાનીએ કહયું કે હું તને લઈ જવાની છું ત્યાં તારાં જેવાં ઘણાં બધાં બાળકો હશે અને તને ખૂબ મજા આવશે.નતાલી એ નવી જગ્યાએ જવાના વિચારથી ઉત્તેજીત થઈ ગઈ અને ત્યાં જવાના દિવસની આતુરતાથી રાહ જોવા માંડી.

થોડા દિવસો પછી નતાલીની નાની નતાલીની વસ્તુઓ એક નાનકડી બેગમાં ભરીને તેને તેના ઘરથી દૂર કેલેરસી શહેરના સબર્બ વિસ્તારના એક અનાથ આશ્રમમાં લઈ ગઈ. નતાલીની નાનીમાએ અનાથાશ્રમમાં લઈ ગઈ. નતાલીની નાનીમાએ અનાથાશ્રમના ડિરેકટર માટે ફૂલોનો એક બૂકે ખરીદ્યો હતો. નતાલીને થયું કે તેની માતા અને તેની નાની તો બહુ જ ગરીબ હતા અને તેમની પાસે મારા માટે કપડાં લેવાના કે મને સરખું ખવડાવવાના પણ પૈસા નથી હોતા અને છતાં તેણે શા માટે બૂકે ખરીદ્યો હશે !

નતાલી  તેની નાની સાથે અનાથ આશ્રમમાં પહોંચી ત્યારે તેણે જોયું કે એ લોખંડના વિશાળ દરવાજાવાળું એક મોટું બિલ્ડીંગ હતું. નાનીએ નતાલીને અનાથાશ્રમના ડિરેકટરને સોંપી દીધી અને પછી થોડીવારમાં જ તે ડિરેકટરનો આભાર માનીને તે રવાના થઈ ગઈ. નતાલીએ તેની નાનીને ભેટીને ગુડબાય કહયું. નાનીએ તેને કહયું કે હું બહુ ટૂંક સમયમાં તને પાછી મળવા આવીશ. નતાલીને હતું કે તે થોડા દિવસો માટે જ અહીં રહેવાની છે એટલે તે ઉદાસ નહોતી થઈ. તેને તો નવી જગ્યાએ રહેવાનો રોમાંચ હતો. પરંતુ તે અનાથાશ્રમમાં ગઈ એ સપ્તાહના અંતે અનાથાશ્રમના એક કર્મચારીએ તેને હડધૂત કરતાકહયું કે હવે આ જ તારું ઘર છે. નતાલીને સમજાયું કે તેણે હવે ઘરે પાછા જવાનું નથી. કોઈ તેને પાછી લેવા આવવાનું નથી. એ દિવસે તે ખૂબ રડી. તેને રડતી જોઈને અનાથાશ્રમના એક કર્મચારીએ બરાડો પાડતાં કહયું કે તને કોઈ સાથે ઈચ્છતું નથી. તારા કુટુંબને તારી પરવા નથી. એટલે અહીં રહેવાની આદત પાડી દે.

એ અનાથાશ્રમમાં સાડા સાતસો છોકરા-છોકરીઓ હતા. એક-એક-એક રૂમમાં વીસ-વીસ પથારી રહેતી હતી. નતાલી અને બીજાં અનાથ બાળકો એ પથારીમાં જતા ત્યારે તે બધાને એક જ વિચાર આવતો કે જલ્દી સવાર પડે અને અમને કંઈક ખાવા મળે. કારણકે ત્યાં તેમને કયારેય પૂરતું ખાવાનું મળતું નહોતું. વળી, શિયાળામાં તેમણે ઠંડી અનુભવવી પડતી. કારણકે તેમને ઓઢવા માટે જાડી ચાદરો મળતી નહોતી. નતાલી ઘણી વખત આખી-આખી રાત રડીને વિતાવતી હતી. આ રીતે તે અનાથાશ્રમની જિંદગીથી ટેવાઈ રહી હતી એ દરમ્યાન એના નામની તેનાથી મોટી એક છોકરીની સાથે તેની દોસ્તી થઈ ગઈ હતી. તે નતાલીનું મોટી બહેનની જેમ ધ્યાન રાખી હતી. નતાલી અને બીજા બાળકો સવારે સાત વાગ્યે ઉઠી જતા અને સાડા સાત વાગે બ્રેકફાસ્ટ માટે એક મોટા હોલમાં જતા. તેમને ત્યાં ઓટમીલ અને ચા આપતા. પરંતુ ત્યાંનું પાણી એટલું ખરાબ હતું કે એ પાણીનો ઉપયોગ કરીને બનાવેલી કોઈપણ વાનગીનો ટેસ્ટ ખરાબ જ આવતો. જોકે નતાલી અને બીજાં બધાં બાળકો પાસે એ ખોરાક ખાવા સિવાય છૂટકો નહોતો. અજીૂરામાં પુરું, તેમને ખોરાક પણ મર્યાદિત જ અપાતો. એટલે બધાં બાળકો ભૂખમરો સહન કરી રહયાં હતાં.

સવારે પોણા નવ વાગ્યે તેમની સ્કૂલના કલાસ શરૂ થતા અને બપોરના અઢી વાગ્યા સુધી તેઓ સ્કૂલના કલાસ રૂમમાં રહેતાં. અઢી વાગ્યે તેમને લંચ મળતું જેમાં માંસના એક ટુકડા સાથે સૂપ અથવા બીન્સ અપાતા. એ પછી ચાર વાગ્યે બે કલાક માટે બધાં બાળકો હોમ વર્ક કરતાં. સાત વાગ્યે તેમને ડીનર અપાતું અને નવ વાગ્યે તેમણે પથારીમાં જતાં રહેવું પડતું. નવ વાગ્યે તેમના રૂમની લાઈટ બંધ થઈ જતી. આ જ રીતે નતાલીના દિવસો વીતી રહયા હતા. માત્ર રવિવારના દિવસે તેમને થોડો ફ્રી સમય મળતો.

નતાલી તેની નાનીમાને ખૂબ યાદ કરતી. તેને સમજાતું હતું કે અનાથ આશ્રમમાં ખૂબ ખરાબ સ્થિતિ છે. પરંતુ ઘરે તો આનાથી પણ વધુ ખરાબ સ્થિતિ છે. તેણે અને તેની નાનીમાએ ઘણી વખત ભૂખ્યા સૂઈ રહેવું પડતું. જો કે એમ છતાં નાનીમા પાસે તેને હૂંફ મળતી હતી. જયારે અનાથાશ્રમના કર્મચારીઓ નતાલી અને બીજાં બધાં બાળકોને સતત હડધૂત કરતા હતા. નતાલીને ત્યાંથી ભાગી છૂટવાની ઈચ્છા થતી હતી. પરંતુ તેણે કયારે એવી કોશિશ કે હિંમત ન કરી. કારણકે તેને નાનીમાના ઘરે જવાનો રસ્તો ખબર નહોતો અને મનમાં ડર હતો કે કદાચ પોલીસ મને પકડી લેશે અને પછી મને પાછી અનાથાશ્રમમાં મૂકી જવાશે તો અનાથાશ્રમના કર્મચારીઓ મને બહુ મારશે.

અનાથાશ્રમના કર્મચારીઓ સંવેદનાહીન હતા અને તેઓ નતાલીને હંમેશા કહેતા કે તું નકામી છે, તું જિંદગીમાં કશું કરી શકીશ નહીં. નતાલી પણ એવું જ માનવા માંડી હતી કે મારું જીવન નકામું છે અને હું જીવનમાં કશું જ નહીં કરી શકું. પોતાના ભવિષ્ય માટે કોઈ સપના જોવાની પણ તેની હિંમત નહોતી ચાલતી. આ રીતે તે ૧૪ વર્ષની થઈ ત્યારે તેણે એક વખત તેની માતાને અનાથાશ્રમના દરવાજામાંથી અંદર આવતી જોઈ. રૂમની બારીમાંથી તેણે જોયું કે તેની માતા કોઈ પુરુષ સાથે અંદર આવી રહી છે. નતાલીએ બૂમો પાડીઃ 'મોમ...મોમ...' પરંતુ તે દરવાજો તેનાથી ઘણો દૂર હતો એટલે તેની બૂમ તેની માતા સુધી પહોંચી શકે તેમ નહોતી. નતાલીની માતા નતાલીને મળ્યા વિના જ પાછી જતી રહી. પાછળથી ખબર પડી કે નતાલીની માતા તેના કોઈ નવા બોયફ્રેન્ડ સાથે રહેવા માંડી હતી અને તેના બોયફ્રેન્ડને તેની અગાઉની ગર્લફ્રેન્ડથી કોઈ બાળક થયું હતું જેને તેણે એ જ અનાથાશ્રમમાં મૂકયું હતું. એ બાળકની મુલાકાત લેવા તેની માતા અને તેની માતાનો બોયફ્રેન્ડ ત્યાં આવ્યાં હતાં. પરંતુ નતાલીની માતાએ નતાલીને મળવાની પરવા પણ ન કરી. એ દિવસે નતાલીને સમજાઈ ગયું કે તેની માતા માટે પણ એ બોજરૂપ હતી. નતાલી જયાં રહેતી હતી એ અનાથાશ્રમનાં બાળકોએ ૧૬ વર્ષની ઉંમરે અનાથ આશ્રમ છોડીને જતાં રહેવું પડતું. અનાથાશ્રમની

બહાર કયારેય પગ ન મૂકયો હોય એવાં છોકરા-છોકરીઓ પાસે કયાંય જવા માટે જગ્યા ન હોય. તેમને એટલી આશા રહેતી કે જયાં સુધી તેમને કોઈ નોકરી ન મળે ત્યાં સુધી તેમનાથી મોટાં છોકરા-છોકરીઓ બહાર જઈને સેટલ થયા હોય તેમના ઘરમાં તેમને આશરો મળી જાય. નતાલી ૧૬ વર્ષની થઈ ત્યારે તેના મનમાં થોડી મહત્વકાંક્ષા જાગી. તેને વિચાર આવ્યો કે હું એકાઉન્ટન્ટ બનું કે ફેશન ડિઝાઈનિંગનો કોર્ષ કરું. તેને ખબર પડી કે અમુક કોલેજો અનાથ છોકરા-છોકરીઓને મદદરૂપ બને છે. તેણે એવી કોલેજીસનો સંપર્ક કર્યો પરંતુ કોઈ કોલેજ તેને મદદરૂપ બનવા તૈયાર ન થઈ. કોલેજ તરફથી એ મુદ્દે તેની અરજી ફગાવી દેવાઈ કે તું ખરેખર અનાથ ન ગણાય, કારણકે તારી નાની અને તારી માતા હયાત છે.

નતાલીને પોતાનું ભવિષ્ય બહુ જ ધૂંધળું દેખાતું હતું. તે મૂંઝાઈ ગઈ હતી અને તેને કોઈ જ રસ્તો સૂઝતો નહોતો. તેણે ૧ જૂન, ૨૦૦૭ના દિવસે અનાથાશ્રમ છોડીને બહાર નીકળી જવાનું હતું અને તેની પાસે કોઈ વિકલ્પ નહોતો. તેને ખબર નહોતી કે તે અહીંથી બહાર નીકળીને કયાં જશે. તે મૂંઝાઈ ગઈ હતી અને તેને કોઈ જ રસ્તો સૂઝતો નહોતો. પરંતુ તેણે અનાથાશ્રમથી નીકળી જવાનું હતું તેના બે દિવસ અગાઉ જાણે ચમત્કાર થયો. એ અનાથ આશ્રમના ડિરેકટરે નતાલી અને અન્ય કેટલીક છોકરીઓને પોતાની ઓફિસમાં બોલાવી, જે સોળ વર્ષની થઈ ગઈ હોય. ડિરેકટરે એક સ્કોટલેન્ડના વતની એવાં એક યુગલ સાથે તેમની મુલાકાત કરાવતાં કહયું કે આ ફિલિપ અને ક્રિસ કેમરોન છે અને તેઓ તમારામાંથી કેટલીક છોકરીઓને પોતાની સાથે લઈ જવા માંગે છે. તે યુગલ માલદોવામાં રહેતું હતુ. તે પતિ-પત્નિના ચહેરા ઉપર લાગણીભર્યું સ્મિત હતું અને તેમના વ્યવહારમાં ઉષ્મા હતી. તેમણે ડિરેકટરે બોલાવેલી છોકરીઓમાંની કેટલીક છોકરીઓ પસંદ કરી એમાં નતાલીનો પણ સમાવેશ થતો હતો. ડિરેકટરે કહયું કે આ લોકો તમને મદદ કરવા માંગે છે. તેમની પાસે એક જગ્યા છે ત્યાં તમે જઈ શકશો. ભયંકર હતાશા અને નિરાશા અનુભવી રહેલી નતાલીના મનમાં આનંદની લાગણી થઈ. જોકે તેને એ સમજાતું નહોતું કે શ્રીમંત દેશનું કોઈ ધનાઢય યુગલ અન્ય દેશોના લોકોને મદદ કરવા શા માટે તૈયાર હોય ? અને એ પણ અમારા જેવા અનાથોને મદદ કરવા માટે સામે ચાલીને આવે. એટલે પહેલા તો તેને ડિરેકટરની વાતો પર ભરોસો ન બેઠો.

જોકે પેલા યુગલે નતાલી અને અન્ય છોકરીઓને કહયું કે અમે સ્ટેલાઝ હાઉસ નામનું શેલ્ટર અનાથ છોકરીઓ માટે ચલાવીએ છીએ. તેમણે કહયું કે એક અનાથ છોકરીના નામ પરથી તેમના એ અનાથાલયનું નામ પડયું હતું. સ્ટેલા નામની એક છોકરી અનાથ આશ્રમ છોડીને ૧૬ વર્ષની ઉંમરે બહાર નીકળી એ પછી તે હયુમન ટ્રાફિકિંગનો ભોગ બની હતી. થોડા વર્ષો પછી તે એઈડઝનો ભોગ બનીને અકાળે મૃત્યુ પામી હતી. તેમણે કહયું કે મદદના અભાવે સ્ટેલા જેવી દશા બીજી છોકરીઓની ન થઈ જાય એ માટે અને તેમને તેમના માટે કશુંક કરવાની કોશિશ કરીએ છીએ. તેમના શેલ્ટર હોમમાં અનાથ છોકરીઓને માત્ર રહેવાની ને ખાવા-પીવાની જ સુવિધા નહોતી અપાતી. પરંતુ તેમને ભણવાની સુવિધા પણ અપાતી હતી.

ફિલિપ અને ક્રિસી કેમરોને નતાલી સહિતની આઠ છોકરીઓને પોતાની સાથે લઈ જવાનું નકકી કર્યું. એ વખતે નતાલીએ કલ્પના પણ નહોતી કરી એટલી સુવિધા તેમને સ્ટેલાઝ હાઉસમાં મળી. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે તેમને આખું હાઉસ બતાવાયું અને એ વખતે તે બધી છોકરીઓ કિચનમાં પણ લઈ જવાઈ. કિચનના એક ખૂણામાં ફ્રિજ હતું. એના પર થોડા બિસ્કીટ પડયા હતા. નતાલીએ પૂછયું કે હું આ બિસ્કીટ ખાઈ શકું. તો તેને જવાબ મળ્યો : હા, ચોકકસ. એના માટે પૂછવાની જરૂર નથી ! નતાલી અને તેની સાથે અનાથાશ્રમમાંથી આવેલી છોકરીઓએ એ દિવસે જિંદગીમાં પહેલી વાર બિસ્કીટ ખાધાં ! એ દિવસે નતાલીએ તેની જિંદગીમાં પહેલી વાર સેન્ડવિચ ખાધી અને કોલ્ડ્રીંક પણ પીધું.

નતાલીને અનાથાશ્રમના ઉધ્ધત અને ખરાબ કર્મચારીઓ સાથે જ પનારો પડયો હતો. તેને કલ્પના પણ નહોતી કે આટલા સારા લોકો દુનિયામાં હોઈ શકે. એ રાતે નતાલી વર્ષો પછી શાંતિથી ઉંઘી. નતાલી અનાથાશ્રમમાં વીસ છોકરીઓ સાથે એક રૂમ શેર કરતી હતી. સ્ટેલાઝ હાઉસના દરેક રૂમમાં માત્ર બે છોકરીઓ રહેતી હતી. નતાલીને થતું હતું કે તે કયાંક સપનું તો નથી જોઈ રહી ને ! તેની જિંદગી આટલી સુખમય બની શકે એવું વિચારવાની હિંમત પણ તેણે કરી નહોતી. તેને તો ચિંતા હતી કે તે અનાથાશ્રમમાંથી બહાર નીકળશે એ સાથે જ તેનું ભવિષ્ય ધૂંધળું બની જશે. અને એવી શકયતા પણ હતી કે તે હયુમન ટ્રાફિકિંગનો ભોગ બની જાય અને તેણે દુ:ખમાં આખી જિંદગી દોઝખ જેવી પસાર કરવી પડે. એને બદલે એ તો જાણે સ્વર્ગ જેવી જગ્યામાં આવી ગઈ હતી.

ફિલિપ અને ક્રિસી કેમરોન નતાલી અને અન્ય છોકરીઓને સ્ટેલા હાઉસમાં લઈ ગયા પછી તેમણે તેમને હાઈસ્કૂલમાં અભ્યાસ માટે વ્યવસ્થા કરી આપી. સ્ટેલા હાઉસમાં નતાલીને જેટલું ખાવું હોય એટલું ખાવાનું મળતું હતું. તે આનંદમય દિવસો પસાર કરી રહી હતી એ વખતે તેને અંદાજ નહોતો કે હવે તેની જિંદગીમાં કેવો અણધાર્યો વળાંક આવવાનો છે. ૨૦૦૮ના શરૂઆતના સમય દરમ્યાન ફિલિપ અને ક્રિસીનો દિકરો એન્ડ્રુ અમેરિકાથી મોલદોવો આવ્યો. નતાલીને એમ હતું કે અમેરિકામાં રહેતો વંઠેલો યુવાન હશે. તેણે તેના વિશે નેગેટિવ ધારણા બાંધી લીધી હતી. પરંતુ એન્ડ્રુ સ્ટેલાઝ હાઉસમાં આવ્યો ત્યારે તેને મળ્યા બાદ નતાલીને લાગ્યું કે તેણે તેના વિશે ખોટું વિચાર્યું હતું. નતાલીની ધારણાથી અત્યંત વિપરીત રીતે તે ખૂબ જ નમ્ર હતો અને સ્ટેલાઝ હાઉસમાં બધાને મદદરૂપ બનવા માટે તત્પર રહેતો હતો.

થોડા સમય પછી નતાલીને ખબર પડી કે એન્ડ્રુ ક્રિસી અને ફિલિપ કેમરોનનો સગો દીકરો નહોતો. તે રોમાનિયન અનાથ છોકરો હતો અને તે ચાર વર્ષનો હતો ત્યારે ક્રિસી અને ફિલિપે તેને દત્તક લીધો હતો. ૨૦૦૮ના જ વર્ષમાં ઉનાળાના વેકેશનમાં ફિલિપ અને ક્રિસી નતાલી અને બીજી બધી છોકરીઓને ફરવા માટે અમેરિકા લઈ ગયા. તે છોકરીઓની અમેરિકાની મુલાકાત દરમ્યાન એન્ડ્રુ તેમને કારમાં ફરવા લઈ જતો. એક દિવસ એન્ડ્રુ નતાલીને લઈને કારમાં કયાંક જઈ રહયો હતો. ત્યારે નતાલી અને તેની વચ્ચે ખૂબ વાતો થઈ. એન્ડ્રુ વાતોડિયો હતો. તેણે તેને અમેરિકા વિશે, અમેરિકાના કલ્ચર વિશે, ઈતિહાસની એમ ઘણી વાતો કરી. એ વખતે નતાલી અંગ્રેજી બરાબર સમજતી ન હતી. પરંતુ તે અમેરિકા હતી એ દરમિયાન એનડ્રુ તેને ધીરજપૂર્વક બધું સમજાવતો હતો.

નતાલી અત્યારે ૨૬ વર્ષની છે અને ૩૦ વર્ષીય એન્ડ્રુ સાથે અમેરિકાના અલબામા અકલ્પ્ય અને સુખદ જીવન વિતાવી રહી છે.

**કોઈને મદદરૂપ બનવાની ભાવનાવાળી વ્યકિતઓને કારણે કોઈ દુ:ખી-બેસહારા વ્યકિતઓની જિંદગીમાં સુખદ વળાંક આવી જતો હોય છે.**

ક્રિસી અને ફિલિપે એક અનાથ બાળક એન્ડ્રુને દત્તક લઈને તેની જિંદગી બદલાવી નાંખી એ પછી એ વર્ષો બાદ એન્ડ્રએ અનાથ નતાલી સાથે લગ્ન કરીને તેની જિંદગી સુખમય બનાવી દીધી. ■

LET US WELCOME NEW COMERS TO ISLAM
AND TO OUR SURTI SUNNII VOHRA ENDOGAMOUS GROUP

ISMAIL AHMED LAMBAT(MANCHESTER)

We feel and most of our readers will agree with us that we SURTI SUNNI VOHRAS have historically been very weak at inviting possible reverts to ISLAM and helping them to learn about our beautiful religion. Regretfully this also led our SURTI SUNNI VOHRAS to pay no or very little attention to the religious needs of those women from non-Muslim communities who married our village-based brothers. Besides giving them Muslim names, their other religious needs were not or very seldom taken care of. To us SUNNI SURTI VOHRAS they were 'NEW MUSLIMS' and were very often treated as "outsiders" at weddings, funerals and at social/religious gatherings.

We SURTI SUNNI VOHRAS living in Britain have not under gone much change in our thinking from our historical past when providing those who seek information on Islam and helping those who revert to ISLAM to learn about our religion. We can attend prayers at any of the many masajid across Britain run by our SURTI SUNNI VOHRAS and see reverts offering their NAMAAZ as SHAFIS. This we feel helps provide proof of our lack of effort in helping reverts to join us as HANAFIS. There is need for us to admit that whilst we SURTI SUNNI VOHRAS have played very important roles in making available masajid, madaris and dar-ul-ulooms across Britain we failed to talk to those who showed interest in learning about ISLAM and we feel we left this very important piece of work to others.

There is a need for us SURTI SUNNI VOHRAS to become interested in developing work with those who show an interest in learning about ISLAM. We feel such persons not only need to be introduced to our ULEMA or the imams of our masajid but they need long term support. Many a times we come across instances where someone interested in reverting to ISLAM is asked/helped to recite the KALIMA. This for many of the reverts is unfortunately the beginning and the end of accepting ISLAM. We feel we need to show more as well as sustained interest to help the new comers to know more about ISLAM to enable them to become part of our Muslim community, become practicing Muslims and remain steadfast as Muslims.

We feel we need to become aware and interested in the changes our SURTI SUNNI VOHRA endogamous group in Britain is undergoing and the challenges these changes are bringing along. Our system of arranging marriages of our children is fast losing its role. Similarly, our old system of cousins marrying cousins has disappeared or is about to disappear. A growing number of our young people of marriageable age no longer depend on their parents, or other relatives to seek marriage partners for them. A growing number of males as well as females who wish to get married look for their own partners.

Whilst most look for marriage partners from our SURTI SUNNI VOHRA endogamous group many of our young men and women prefer to marry persons of their choice. As a result of this we are being regularly joined through marriage by both Muslim men as well as women and by men and women reverts to Islam from different

religious, ethnic and racial groups. With the progress of time we feel our SURTI SUNNI endogamous group will continue to become composed of persons from different racial and ethnic groups as more and more of our men and women seek life partners of their choice whilst preferring to remain with or in close contact with their family members and members of our endogamous group. We now have within the SURTI SUNNI VOHRA endogamous group men and women from Pakistani, Bangladeshi, white British, Malaysian, Chinese, African, African- Caribbean, Arab and Somali origins or backgrounds and their numbers are growing as more and more of our members seek life partners from outside our endogamous group.

There is nothing wrong, unusual or surprising with the type of expansion through marriage our endogamous group is undergoing. We feel we should feel happy with the fact that barring a few most of the non-Muslim men or women who get married to SURTI SUNNI VOHRA men or women revert to ISLAM. Historically we SURTI SUNNI VOHRAS reverted from some Hindu castes or sub-castes and later we were joined by members of other castes, sub-castes and ethnic and racial groups. If we look at our VOHRA brothers and sisters or look at our own family members, we will notice how different we look from the others. We have among our VOHRAS some who are tall and of slim build and others who are not so tall. We have those who are very light of complexion and others who are dark. We feel the new comers who join our SURTI SUNNI VOHRA endogamous group will help our group to have more variety in our sizes, shapes and colours and at the same time help our endogamous group to have more members.

We feel we should welcome all the new comers to the SURTI SUNNI VOHRA endogamous group and provide them with the assistance they need. Some of those who join us from other Muslim communities will not need much support in learning about Islam. The support such persons will need will be about learning of our endogamous group. We feel such persons should be helped to understand our culture or what remains of our culture as we too like other communities living in Britain have lost many aspects of our culture. We would also like the new comers to our endogamous group to learn some ' GET-BY' GUJARATI to allow them to form closer ties especially with our older members.

Those women or men who revert to Islam on marrying our men folk or our women folk will need more support to learn about Islam and our endogamous group and our culture. We feel we must not leave such persons to find their own way. They must be helped and supported to learn about Islam and our endogamous group. This will help them get close to Islam and to our endogamous group. ■

# દેશ - વિદેશના સમાચાર

## રાંદેર

**ઇન્તેકાલે પુરમલાલ:-** સોએબ હાસમ મમુન, મેમુનાબીબી (નલ્લી ખાલા)-ઇબ્રાહીમ માકડાની છોકરી,ફાતેમાબીબી-અહમદ ભામની છોકરી તે કાસીમ ઇબ્રાહીમ અશરફની ઔરતનો યુ.કે.ખાતે, ફાતેમાબીબી (ફાફાબુ) હાસમ હાફેજીની છોકરીનો મોરીશયસ ખાતે તથા કાસમ સુલેમાન અલ્લુનો બેંગકોક ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## વરીયાવ

**ખુશ આમદીદ (જન્મ):-** ફારૂક યુસુફ નારોત ના ફરજંદ અહમદને ત્યાં યુ.કે.ખાતે છોકરાનો જન્મ નામ નુહ રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** આઇશાબીબી (બુજી) ઇસ્માઇલ મણીનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** સુલેમાન દાવુદ ભાઇમીઆં બર્માની તથા આઇશા હારૂન માંજરા અને અમીના અનવર પટેલ દુબઇની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

## કરમાલી

**ખુશ આમદીદ (જન્મ):-** આસીફ કાસમ સીદાતને ત્યાં છોકરાનો જન્મ નામ ફહીમ તથા સોહેલ અ.સમદ હાંસલોદ (કેનેડા) ને ત્યાં છોકરીનો જન્મ નામ હલીમા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** મૌ.અ.રશીદ ઇસ્માઇલ સીદાતનો સા.આફ્રિકા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** અ.સમદ સુલેમાન હાંસલોદ એમની અહેલીયા ફજીલાબહેન સાથે તથા સાહીલ અ.સમદ હાંસલોદ કેનેડાની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.


દુબઇના ઝબ્બા માટે સુરત અને ભરૂચ
કરતા સસ્તા એક માત્ર સ્થળ
દુપટ્ટા, બુરખી, ટોપી વગેરે



ROYAL COLLECTION
122, SEREN MALL
KOSAMBA
MO. 98252 39046

બ્રાન્ડેડ કંપનીના ગ્રાઉન , વન પીસ,
ટોપ, કુર્તી, બ્રાન્ડેડ કંપનીના લેડીસ
ડ્રેસ અને ટી શર્ટ,



ROYAL COLLECTION
20, VIBRANT MALL
NEAR K.M.CHOKSI,KOSAMBA
MO. 95124 72776,99096 12273 જા. x ખ

મસ્જીદ તથા મદ્રેસાઓ
માટે ખુશ ખબર

અનેક જાતની વેરાઇટીઝ,
લેટેસ્ટ ડિઝાઇન, વિવિધ કલર સાથે

તૂર્કી,સઉદી વિગેરે દેશોની ઇમ્પોર્ટેડ સફો,ગાલીચા, વુલન,મખમલ, કોટન તેમજ એકેલીક અને પી.વી.સી.ની સફો તેમજ ચટાઇઓ, બાળકોને બેસવાના પાથરણા, આસન,કારપેટ વ્યાજબી ભાવે હાજર સ્ટોકમાં મળશે.

**નોંધ:** આપની એકવારની મુલાકાત આપને સંતોષ આપનાર પુરવાર થશે.

-:: શો રૂમનું સરનામું ::-

આગ્રા કારપેટ્સ એમ્પોરીયમ
૩,આદર્શ માર્કેટ, મેઇન રોડ,
બાટા શુઝની સામે,ભરૂચ
ફોન નંબર (૦૨૬૪૨) ૨૬૮૦૭૪
મોબાઇલ: ૯૩૭૬૧૭૭૭૨૯, ૯૫૭૪૧૭૧૦૦૧,
જા. x ખ

**પરદેશ ગમનઃ-** અ.રશીદ યુસુફ પટેલ એમની અહેલીયા અમીનાબહેન સાથે કેનેડા પરત,ઇબ્રાહીમ ઇસ્માઇલ હાંસલોદ (ભાયલા) સ્પેન,શૌકત યુસુફ સીદાત તથા અબુબકર અહમદ હાંસલોદ સા.આફ્રિકા ગયા છે.

## રવિદરા

**ઇન્તેકાલે પુરમલાલઃ-** ફાતમા મૌ.અહમદ લુલાત તથા મૌ.મોહમદ ઇસ્માઇલ વડીયાનો ગામ ખાતે તેમજ સુરૈયા સુલેમાન મોહતાત ઉમરાહ કરવા ગયા હતા ત્યાં ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશ ગમનઃ-** અ.રશીદ ઐયુબ મમુજી સઉદી અરેબીયા પરત,સુલેમાન (ગોરા) મોહંમદ સીદયોત ફેમિલી સાથે,અ.રહીમ સુલેમાન નોરાત ફેમિલી સાથે યુ.કે.પરત,શબ્બીર કાદર સીદયોત સા.આફ્રિકા પરત,હાફીઝ ઐયુબ વડીયા કેનેડા પરત,સુલેમાન મુસા મોહતાત ફેમિલી સાથે,મૌ.અનસ મ.ઇકબાલ વેડછીયા તથા રાબીયા મ.ઇકબાલ વેડછીયા ઉમરાહ કરવા ગયા છે.

## કાપોદરા

**શાદી મંગણીઃ-** શાહનવાઝ લુલાતની શાદી કઠોર મુકામે તથા ઇસ્માઇલભાઇ દરજીની છોકરીની શાદી કઠોદરા મુકામે થઇ છે.

**પરદેશ ગમનઃ-** અસલમભાઇ સીદાત,અહમદભાઇ લુલાત,ઇસ્માઇલભાઇ લુલાત ઝામ્બીયા,મૌ. ઇસ્માઇલ લુલાત ફેમિલી સાથે સા.આફ્રિકા તથા સલીમભાઇ પાંડોર ઉમરાહ કરવા ગયા છે.

## ભાદી

**શાદી મંગણીઃ-** રીઝવાન ઉર્ફે રાજા અહમદ ગોરા અટનની શાદી વાલોડ મુકામે તથા અનસ હાફીઝ ફારૂક કડવા તરકીની શાદી દિણોદ મુકામે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલઃ-** છોટીબેન મહમદ બેરા અદાત ઉ.વ.૮૦ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમનઃ-** ઇસ્માઇલ યુસુફ દિવાંગરી ફેમિલી સાથે,મૌ.મોહંમદ ફેન્સી ભાણા એમની વાલેદા તેમજ બહેન રાબીયા અને ફાતમાબીબી




**શીફા** મલ્ટીસ્પેશ્યાલીટી



Total Dental & Oral Solutions Under One Roof..!

| -: સમયઃ- બપોરે ૧૨.૦૦ થી સાંજે ૬.૦૦ | જુના શેર બજાર સામે, માછલીપીઠ, લાલગેટ, સુરત. bblashkarivashi.bl@gmail.com Website: www.shifadentalsmiles.com | ડૉ.(મીસીસ) બીજલ બી. લશ્કરી બી.ડી.એસ.,એમ.ડી.એસ. Ph: 0261 -6457907, Cell: 92281 32541 |
|---|---|---|

**શીફા મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ કલીનીક ની વિશેષતાઓ :-**

❀ કવોલીફાઇડ અને અનુભવી M.D.S. ડેન્ટીસ્ટ દ્વારા આપના દાંત,દાઢ,પેઢા તથા મોઢાના તમામ રોગોનું નિદાન અને સારવાર❀ સુરતના હાર્દસમા લાલગેટ વિસ્તારમાં સ્થિત કલીનીક ❀ ગ્રાઉન્ડ ફલોર પર કલીનીક / સેન્ટ્રલી A.C. કલીનીક/પાર્કીંગ માટે પુરતી જગ્યા

**સ્ત્રીઓ માટેની વિશેષતા** :- ❀ કવોલીફાઇડ અને અનુભવી લેડી ડેન્ટીસ્ટ (M.D.S.) અને લેડી આસીસ્ટન્ટ દ્વારા દાંતની તમામ સારવાર ❀ સ્ત્રીઓ માટે અલગ વેઇટીંગ વ્યવસ્થા (૧૧ સ્ત્રીઓ બેસી શકે તેવું) ❀ સ્ત્રીઓ માટે અલગ ડેન્ટલ ચેર-યુનિટ અને અલગ ટ્રીટમેન્ટ એરીયા.

**વરિષ્ઠ નાગરીકો (સીનીયર સીટીઝન્સ) માટે વિશેષ સુવિધાઓ** :-❀ ગ્રાઉન્ડ ફલોર પર કલીનીક ❀ ડાયાબીટીસવાળા દર્દીઓ માટે ગ્લુકોમીટરથી સુગરની તપાસ કલીનીકમાં જ. ❀ બ્લડપ્રેશરવાળા દર્દીઓ માટે ડિજીટલ B.P.મોનીટર થી પ્રેશરની તપાસ કલીનીકમાં જ.

**N.R.I.પેશન્ટો માટે વિશેષ સુવિધાઓ** - ❀ સંપૂર્ણ A.C. કલીનીક ❀ દાંતની તમામ સારવાર એક જ છત નીચે ઉપલબ્ધ ❀ લાલગેટ જેવા શોપીંગ વિસ્તારમાં કલીનીક હોવાથી સરળતાથી અવરજવર/પાર્કિંગ માટે પૂરતી જગ્યા ❀ક્રાઉન,બ્રીજ,R.C.T. ચોકઠા તથા દાંતની અન્ય તમામ સારવાર ૧૨ થી ૪૮ કલાકમાં અરજન્ટ કરી આપવાની વિશેષ સુવિધા. ❀ N.R.I.દર્દીઓ માટે દાંતની સારવારના સ્પેશ્યલ પેકેજીસ ઉપલબ્ધ ❀ ડેન્ટલ ઇમ્પ્લાન્ટ્સ ડેન્ટલ વ્હાઇટનીંગ, ડેન્ટલ બ્લીચીંગ,સ્માઇલ ડીઝાઇનીંગ

જા. X ખ.

**શીફા મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ કલીનીક માં ઉપલબ્ધ સુવિધાઓ :-**

❀ પીડા રહીત રીતે દાંત-દાઢ પાડવો/રહી ગયેલા મૂળ કણી કાઢવી.❀ સડેલા દાંતમાં સિમેન્ટ - ચાંદી પુરવી/લાઇટ કયોર ટ્રીટમેન્ટ (દાંતના રંગનું ફિલીંગ) ❀ (રૂટ કેનાલ ટ્રીટમેન્ટ- R.C.T.) એક્ષ-રેની સુવિધા ❀ દાંતની સફાઇ (સ્કેલીંગ) ❀ પાયોરીયા તથા પેઢાના અન્ય રોગોની સારવાર ❀ દર્દીઓને ઇન્ટ્રાઓરલ કેમેરા દ્વારા ટી.વી.સ્ક્રીન પર તેમના દાંત તથા મોઢાની તકલીફોનું પ્રત્યક્ષ નિદર્શન ❀ ક્રાઉન તથા બીજ (ખોલી અને ફિકસ ચોકઠુ) ❀ આખું કે આંશિક ચોકઠુ (બત્રીસી) ❀ પીળા દાંત તથા દાંતના ડાઘની સારવાર (પોલીશીંગ,વ્હાઇટનીંગ) ❀ ડહાપણની દાઢની સારવાર ❀ સગર્ભા સ્ત્રીઓમાં થતાં દાંતના પ્રશ્નો ❀ બાળકોમાં થતા દાંતના પ્રશ્નો

**કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રી**:- ❀ સ્માઇલ ડિઝાઇનીંગ ❀ પાન,તમાકુ,ગુટખાને લીધે ન ખુલતા મોંની સારવાર ❀ ઠંડા પીણા, આઇસ્ક્રીમ ખાતા દાંતમાં થતી ઝણઝણાટી, દુઃખાવો વિગેરે સારવાર ❀ વાંકાચૂકા દાંતની સારવાર.

સાથે ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

## આલુંજ

**પરદેશથી આગમન:-** ઐયુબ કાસમ નોરાત પેરીસથી તથા ફારૂક હાસીમ જોગીયાત દુબઇથી વતનની મુલાકાતે આવ્યા છે.

## કઠોર

**શાદી મંગણી:-** શબનમ અ.કાદેર અસ્માલ (ભચા)ની શાદી નવસારી મુકામે મુસા ઇબ્રાહીમ ભૈયાત સાથે થઇ છે.

**પરદેશથી આગમન:-** સલીમ ઇબ્રાહીમ સીદાત કેનેડાથી,રશીદભાઇ ઉમરજી રીયુન્યનથી, મેહમુદભાઇ ઇશાક સા.આફ્રિકાથી, શબ્બીર ઇબ્રાહીમ સીદાત રીયુન્યનની તથા યુસુફ યાકુબ દાદાભાઇ અને મો.ઝૈદ ઉમર રીયુન્યન-મોરીશયસની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** નઇમ ઇદ્રીસ ભરૂચી સા.આફ્રિકા પરત,જાફરભાઇ પટેલ ફેમિલી સાથે,આસીફ અ.કાદેર ઉમર,જાવીદ મોહંમદ વાવડા તથા હુઝૈફા જાવીદ વાવડા ફેમિલી સાથે ઉમરાહ કરવા ગયા છે.

## એકલેરા-ભાણોદ્રા

**પરદેશથી આગમન:-** ઉમર મહમુદ ભાણા પટેલ એમની અહેલીયા સાથે પનામાની મુલાકાત લઇ વતન પરત,ફહીમા અંઝલ રાવત પનામાથી તથા યુસુફ મોહંમદી ભામજી એમની અહેલીયા સાથે ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** ઇમ્તિયાઝ ઇબ્રાહીમ ભાણા પટેલ કેનેડાના પ્રવાસે,રઝીયા ઇમરાન પટેલ તથા હનીફ સઇદ નાટાલી એમની અહેલીયા સાથે પનામા ગયા છે.

## આંકડોદ

**ઇન્તેકાલે પુરમલાલ:-** આઇશા ગુલામ કાઝી (કારા) નો તથા યુનુસ યુસુફ વડીયાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** મૌ.ઉસ્માન અહમદ કાઝી (બાવા), મૌ.મો.અમીન અ.ખાલીક કાઝી


**લુણત એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત**

**સનરાઇઝ ઇન્ટર નેશનલ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ એન્ડ બોસ્તાને ફાતેમા હોસ્ટેલ**



આથી સર્વે મુસ્લિમ ભાઇઓને જણાવવાનું કે હમોએ નર્સરીથી ચોથા ધોરણ સુધીમાં છોકરા - છોકરીને પ્રવેશ આપીએ છીએ. જેમાં દિન અને દુનિયાની તાલીમ + ખાવા પીવાનું - હોસ્ટેલ બિલ્કુલ ફ્રીમાં છે. તો ઝકાતના મુસ્તહીક લોકોએ અમારો કોન્ટેકટ કરવો.

સ્થળ:- ચીખલી-વાંસદા રોડ, મુ.પો. માણેકપોર, મેમુના હોટલની સામે, તા. ચીખલી, જી.નવસારી.

—:ફોન નંબર :-

આયશા :- 95741 39164 ઇમ્તીયાઝ :- 7600308886

જા.૪ ખ.

સા.આફ્રિકાથી તથા અ.રહેમાન ઇમરાન કાઝી મપુટોથી આવ્યા છે.

**પરદેશ ગમન:-** કારી યુસુફ (બાબુ) કાઝી સા.આફ્રિકા ગયા છે.

## જઝાકુમુલ્લાહ

### સોસાયટીમાં વિવિધક્ષેત્રે મળેલી મદદ તા.૩૦-૪-૨૦૧૯ થી તા. ૨૮-૫-૨૦૧૯ સુધી

**ઝકાત**

| | | |
|---|---|---|
| ૭૦૦૦ | જ. મોહંમદ એ. બપોરીયા સા. | રાંદેર |
| ૫૦૦૦ | મોહ. હીનાબહેન પટેલ સા. | સુરત |
| ૫૦૦૦ | મોહ. ઝુબેદા ઇબ્રાહીમ સુરતી સા. | મુંબઇ |
| ૫૦૦૦ | જ. મો.સમીર મો.શફી સીદાત સા. | સુરત |
| ૫૦૦૦ | હાજી ઐયુબ પટેલ સા. | એકલેરા |
| ૩૦૦૦ | જ. સોયબ યાકુબ મુલ્લા સા. | સુરત |
| ૩૦૦૦ | મોહ. આઇશા આઝમ દુધા સા. | રાંદેર |
| ૩૦૦૦ | જ. મો. સાજીદ મો.શફી સીદાત સા. | સુરત |
| ૩૦૦૦ | જ. ફૈઝલ ફારૂક સીદયોત સા. | રવિદરા |
| ૨૫૦૦ | મોહ. ફરહત મોહંમદ દાયમાકુમાર સા. | વડોદરા |
| ૨૫૦૦ | મોહ. ગોરીબહેન શેખ સા. | મુંબઇ |
| ૨૦૦૦ | જ. મો. સરફરાઝ મો.શફી સીદાત સા. | સુરત |
| ૨૦૦૦ | જ. અબ્દુલ રહેમાન બોબાત સા. | સુરત |
| ૨૦૦૦ | જ. ફીરોજભાઇ કાઝી સા. | ખોલવડ |
| ૨૦૦૦ | મોહ. યાસ્મીનબહેન શેખ સા. | મુંબઇ |
| ૨૦૦૦ | મોહ. મેમુના યાકુબ જકડા સા. | પાનોલી |
| ૧૫૦૦ | જ. મો.ઇકબાલ અહમદ મુરાદ સા. | રાંદેર |
| ૧૫૦૦ | હાજી મોહંમદ ઇકબાલ મુરાદ સા. | રાંદેર |
| ૧૦૦૦ | જ. યાકુબ ઇશાક મુલ્લા સા. | સુરત |
| ૧૦૦૦ | મોહ. નુઝહત ફારૂક લુકમાન સા. | સુરત |
| ૧૦૦૦ | જ. ઇબ્રાહીમભાઇ પટેલ સા. | સુરત |
| ૧૦૦૦ | મોહ.ફાતમાબીબી સીદીક અમલા સા. | સુરત |
| ૧૦૦૦ | જ. અહમદ મહમદ જકડા સા. | પાનોલી |
| ૧૦૦૦ | મોહ.અમીના અહમદ હાંસલોદ સા. | કરમાલી |
| ૧૦૦૦ | જ. ગુલામ હુશૈન સરીગત સા. | ખોલવડ |
| ૧૦૦૦ | સીમકો એજન્સી | વડોદરા |
| ૧૦૦૦ | જ. ઇસ્માઇલભાઇ મસાલાવાલા સા. | સુરત |
| ૧૦૦૦ | જ. નાઝીમ નઇમ શેખ સા. | મો.માંગરોલ |
| ૧૦૦૦ | જ. એ.વાય. દેસાઇ સા. | સુરત |
| ૭૦૦ | મોહ. રૂકૈયાબીબી અહમદ મુરાદ સા. | રાંદેર |
| ૫૦૦ | જ. અ.રહીમ આદમ અચ્છા સા. | રવિદરા |
| ૫૦૦ | મોહ.મરીયમ યુનુસ હાફેજી એન્ડ ફેમિલી | વાંકાનેર |
| ૫૦૦ | જ. ઇલ્યાસ અહમદ હાફેજી સા. | વાંકાનેર |
| ૩૦૦ | જ. આરીફભાઇ મુરાદ સા. | રાંદેર |
| ૨૫૦ | જ. યુસુફ યાકુબ વાવડા સા. | કઠોર |
| ૨૫૦ | જ. અ.કાદર ટીમોલ સા. | કઠોર |
| ૨૦૦ | મોહ. શબીનાબાનુ આરીફ મુરાદ સા. | રાંદેર |

**બેવાફંડ**

| | | |
|---|---|---|
| ૫૦૦૦ | એક મુસ્લિમભાઇ તરફથી | રાંદેર |
| ૫૦૦૦ | એક મુસ્લિમભાઇ તરફથી | રાંદેર |
| ૫૦૦૦ | મોહ.ગુલશનબહેન એમ.જાદવત સા. | મુંબઇ |
| ૫૦૦૦ | મોહ.મરીયમબીબી ડૉ.હાસીમ નાનાબાવા સા. | સુરત |
| ૫૦૦૦ | મોહ. આયશાબહેન નાનાબાવા સા. | સુરત |
| ૫૦૦૦ | જ. મોહંમદભાઇ અમલા સા. | સુરત |
| ૪૦૦૦ | જ. ઇસ્માઇલ યુસુફ પટેલ સા. | બરબોધન |
| ૩૦૦૦ | જ. ફારૂકભાઇ સેદુ સા. | ખોલવડ |
| ૨૦૦૦ | જ. આઝમ અહમદ સઇદ હાટીયા સા. | રાંદેર |
| ૨૦૦૦ | મોહ. મેમુના યાકુબ જકડા સા. | પાનોલી |
| ૨૦૦૦ | જ. હાસમ પીપરડીની છોકરીઓ | રાંદેર |
| ૧૦૦૦ | જ. અબ્દુલ અઝીઝ શેખ સા. | સુરત |

**તબિબિ સહાયફંડ**

| | | |
|---|---|---|
| ૩૦૦૦ | જ. ઇસ્માઇલ યુસુફ પટેલ સા. | બરબોધન |

**લીલ્લાહ**

| | | |
|---|---|---|
| ૩૦૦૦ | જ. અબ્દુલ રહેમાન બોબાત સા. | સુરત |
| ૧૦૦૦ | મોહ. મેમુના યાકુબ જકડા સા. | પાનોલી |
| ૧૦૦૦ | જ. અ.રહમાનભાઇ દાવજી સા. | વરીયાવ |
| ૫૦૦ | એક મુસ્લિમભાઇ તરફથી | મોટાવરાછા |

**સદકા**

| | | |
|---|---|---|
| ૨૮૫૦ | જ. અલ્તાફભાઇ ઇંગાર સા. (કેનેડા) | તડકેશ્વર |
| ૧૦૦૦ | એક મુસ્લિમભાઇ તરફથી | સુરત |
| ૩૦૦ | જ. ગુલામ હુશૈન સરીગત સા. | ખોલવડ |

**ફીતરા**

| | | |
|---|---|---|
| ૮૦૦ | જ. મો.ઇકબાલ અહમદ મુરાદ સા. | રાંદેર |
| ૮૦૦ | મોહ. સોફીયા મો.ઇકબાલ મુરાદ સા. | રાંદેર |
| ૪૫૦ | એક મુસ્લિમભાઇ તરફથી | સુરત |

**અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબુલ ફરમાવી એનો બહેતરીન બદલો બંન્ને જહાનમાં અતા ફરમાવે.આમીન.**

## ઇન્તેકાલે પુરમલાલ

- આપણી સોસાયટીના આસી.સેક્રેટરી જ. યુસુફભાઇ મોતાલા સા.સાયણના બહેન મોહતરમા ઝુબેદા મોહંમદ મંગા સા. નો તા. ૧૪-૫-૨૦૧૯ ના મંગળવારના રોજ દીવા મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના સક્રિય કાર્યકર મર્હુમ પ્રો. એમ.એમ. અમલા સા. સુરતના બહેન તેમજ મેનેજીંગ કમિટીના સભ્ય જ.અહમદભાઇ અમલા સા.ના ફોઇમા મોહતરમા ફાતમાબીબી મુસા અમલા સા. નો તા. ૨૨-૫-૨૦૧૯ ના બુધવારના રોજ સુરત મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

અલ્લાહપાક ઉપરોક્ત મર્હુમોની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં ઉચ્ચ મકામ અતા ફરમાવે અને તમામ સ્વજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.

## વહોરા સમાચારના જાહેરાતના દરો

આખુ પેજ રૂ.૨૦૦૦

અડધુ પેજ રૂ.૧૨૦૦

પા પેજ રૂ. ૬૦૦

**નોંધ:-** વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિકકા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

## વહોરા સમાચારના પ્રતિનિધી જોગ

**વહોરા સમાચારમાં સમાચાર મોકલનાર પ્રતિનિધી ભાઇઓને નમ્ર વિનંતી કે ગામના કે સંસ્થાના સમાચાર ટુંકા અને મુદ્દાસર લખવા તથા દર માસની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા.**

## બાટલી - યુ.કે.

રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા

**શાદી મંગણી:-** ડૉ.હારૂન હાસીમ મોતારા અડદાવાલાની શાદી લંડન મુકામે મુબસ્સીરા મોબીનભાઇ મીરઝા મલેકપોરવાલા સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** અહમદભાઇ હાફેજી તરાજવાલાનો તથા સઇદા ઇબ્રાહીમ મન્સુરનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**આગમન:-** મોહંમદભાઇ સલ્લુ (જર્મન) અંભેટાવાલા તથા અહમદ હસન કરોલીયા લાખાવાડીવાલા ઉમરાહ કરી પરત આવ્યા છે,અશરફભાઇ દીવાન લાજપોર-ઇન્ડિયાથી આવ્યા છે,હારૂનભાઇ હસન બાસર તથા નાઝીમાબહેન હારૂન બાસર ઇજીપ્તની હોલીડે કરીને પરત આવ્યા છે.

**જઝાકુમુલ્લાહ:-** અહમદ સુલેમાન પટેલ તથા આઇશા અહમદ પટેલ અંભેટાવાલા તરફથી ૧૦૦ પાઉન્ડ ઝકાતના મળ્યા છે.


**સરનામું બદલાયું છે.**
**હવે અમારી નવી દુકાનમાં અવશ્ય પધારો.**

(દુકાન) : 0261-2452155
મો. ઉમર : 98794 56530
E-mail : libas1978@gmail.com

કફની - પાયજામા, પઠાણી સૂટ,
અરબી ઝબ્બાની "ઈન્ડીયન તેમજ ઈમ્પોર્ટેડ"
કાપડની વિશાળ રેન્જ મળશે.
**હજ માટે એહરામનું કાપડ, ટુવાલ અને બેલ્ટ મળશે.**
અમારી એક વખતની મુલાકાત ઈન્શાઅલ્લાહ આપને લાભદાયી થશે.

સ્થાપના : ૧૯૭૮
લિબાસ

જા. X ખ.

૧૨/૫૩૬, બડી મસ્જીદ (મરકઝ) ની સામે, રાણીતલાવ મેઈન રોડ, સુરત-૩. (ગુજરાત-ઈન્ડિયા)



**FLAT TO RENT**

in Saiyedpura , surat
fully furnished
Further Details
Ilyas makda - surat
**Mob. 94271 33197**
Farouk Hassanjee - u.k.
**Mob. 078287 96535**

જા. X ખ.

## સ્કોલરશીપ માટેના અરજી ફોર્મ

ધો.૧ થી કોલેજ વિભાગના સ્કોલરશીપ ફોર્મ તા.૧-૫-૨૦૧૯ થી તા. ૩૦-૬-૨૦૧૯ સુધી આપવામાં આવશે. ફોર્મ ભરી પરત આપવાની છેલ્લી તારીખ ૩૦-૬-૨૦૧૯ રહેશે. તારીખ વિતી ગયા પછી ફોર્મ લેવામાં આવશે નહીં. જેની નોંધ લેશો. ફોર્મની કિંમત રૂા.૨૦ તથા ટપાલથી મંગાવનારે રૂા. ૨૫ નો મનીઓર્ડર કરવાનો રહેશે.

**નોંધઃ- (૧) સ્કોલરશીપ મેળવવા માટે ૫૦ ટકા માર્કસ હોવા જરૂરી છે. (૨) ફોર્મ સાથે રીઝલ્ટની નકલ ફરજીયાત આપવાની રહેશે. જે વિદ્યાર્થીનું રીઝલ્ટ તા.૩૦-૬-૨૦૧૯ પછી આવવાનું હોય તેમણે પોતાનું સ્કોલરશીપ ફોર્મ સમયસર જમા કરાવી જવું. (૩) સ્કોલરશીપ મેળવવા માટે સ્કુલ,કોલેજ ચાલુ થયા પછી અસલ બોનોફાઇડ સર્ટીફીકેટ, ફી રશીદની ઝેરોક્ષ કોપી ફરજીયાત આપવાની રહેશે.**

## બેવાફંડ ફોર્મ અંગેની જાહેરાત

હાજી અહમદ બીલાખડી લહેર બેવાહફંડમાંથી મદદ મેળવવા ઇચ્છનાર બેવાહ બહેનોને જણાવવામાં આવે છે કે ફોર્મ તા.૧-૫-૨૦૧૯ થી આપવાનું શરૂ કરવામાં આવેલ છે.ફોર્મની છેલ્લી તા. ૩૦-૬-૨૦૧૯ છે. જે બેવાહ બહેનો ઝકાતની મુસ્તહીક,હકદાર હોય તેમણેજ અરજી કરવી. ફોર્મ સાથે પતિના મરણનો દાખલો, રેશન કાર્ડ તથા આધાર કાર્ડની ઝેરોક્ષ આપવી ફરજીયાત છે. **નોંધઃ- (૧) જે બહેનોને મદદ મળે છે તેઓએ ફોર્મ ભરવાની જરૂર નથી (૨) બેવાહફંડની મદદ ફકત સુરતી સુન્ની વહોરા બહેનોને આપવામાં આવે છે.**

## દિનીયાત વિભાગના અરજી ફોર્મ

**સોસાયટી દ્વારા દારૂલ ઉલુમમાં અભ્યાસ કરતા તાલીબે ઇલ્મો માટે દિનીયાત વિભાગના સ્કોલરશીપ ફોર્મ તા.૧-૫-૨૦૧૯ થી આપવાનું શરૂ કરવામાં આવેલ છે. ફોર્મની છેલ્લી તા. ૩૦-૬-૨૦૧૯ છે. ફોર્મની કિંમત રૂા.૨૦ છે. મનીઓર્ડરથી મંગાવનારે રૂા.૨૫ નો મનીઓર્ડર કરવો.**


**ઓન.જન.સેક્રેટરી**

**ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી**

**સુફીબાગ, રેલ્વે સ્ટેશન સામે, સુરત-૩**


## વાંકાનેર

**ઇન્તેકાલે પુરમલાલઃ-** ઝકરીયા તરાજીઆ ઉ.વ.આ.૬૫ નો કેનેડા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## વહોરા સમાચાર ગ્રાહક જોગ

(૧) વહોરા સમાચારના અંકો દેશ તથા પરદેશમાં દર માસની ત્રીજી તારીખે એક સાથે પોસ્ટ કરવામાં આવે છે. જેમને અંક ન મળે કાર્યાલયમાં જાણ કરતા સ્ટોકમાં હશે ત્યાં સુધી અંકો રવાના કરવામાં આવશે.પરંતુ દેશમાં અંક ન મળવાની ફરીયાદ જે તે ગામની પોસ્ટ ઓફિસને પણ અવશ્ય કરવા વિનંતી.

(૨) વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે મુજબના ફોન નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપર સંપર્ક કરી શકો છો.


મોબાઇલ નં. ૦૯૮૨૪૧ ૮૪૬૫૭

**E-mail:- vohrasamachar@yahoo.com, vohrasamachar@gmail.com**

## આપણી સંસ્થાઓના, રમત - ગમત અને ગામોના અન્ય સમાચારો

**કરમાલી:-** મદ્રેસા તાલીમુલ ઈસ્લામનું વાર્ષિક ઈમ્તેહાન થયુ છે.પરિણામ સંતોષકારક આવ્યું છે.તાલીબે ઈલ્મોને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા.

**રવિદરા:-** મદ્રેસા તાલીમુલ ઈસ્લામનું વાર્ષિક ઈમ્તેહાન તા.૨૭-૪-૨૦૧૯ ના શનીવારના રોજ થયુ છે.પરિણામ સંતોષકારક આવ્યું છે. તે જ દિવસે રાત્રે ઈશાની નમાઝબાદ જલ્સાનો પ્રોગ્રામ દારૂલ ઉલુમ તડકેશ્વરના મૌ.યુસુફ ટંકારવી સા.ની સદારતમાં યોજાયો હતો.

**આલુંજ:-** મદ્રેસાએ તાલીમુલ ઈસ્લામ આલુંજનું વાર્ષિક ઈમ્તેહાન તારીખ ૨૮-૪-૨૦૧૯ ના રવિવારના રોજ રાખવામાં આવ્યુ હતુ. જેના મુમતહીન સાહેબો તરીકે અન્ય મદ્રેસાના અસાતીઝાએ કીરામે સેવા આપી દિની તાલીમની ચકાસણી કરી હતી. પરિણામ સંતોષકારક આવ્યુ છે. ઈમ્તેહાન બાદ દરેક તલબાઓને ઈનામોની વહેંચણી મહેમાનો તેમજ કમિટી સભ્યોના હસ્તે કરવામાં આવી હતી. એ જ દિવસે રાત્રે ઈશાની નમાઝ બાદ મસ્જીદમાં જલસાનું આયોજન ઉમરવાડાના કારી અબુબકર સુલેમાન ગંગાત સા. ની સદારતમાં રાખવામાં આવ્યો હતો.જેમાં મદ્રેસાના તલબાઓએ કીરાઅત, તકરીર, નઝમ, મુકાલીમો,નાત વિગેરે રજુ કરી ગ્રામજનોને ખુશ કરી દીધા હતા. ગ્રામજનો તરફથી તલબાઓને રોકડ પુરસ્કાર આપીને હિંમત અફઝાઇ કરી હતી. તેમજ ૧ થી ૩ નંબર લાવનાર ૨૭ તલબાઓને તેમજ વર્ષ દરમ્યાન ફુલ હાજરી આપનાર ૩૨ તલબાઓને આજના મેહમાન કારી અબુબકર ગંગાત સા. ના હસ્તે રોકડપુરસ્કાર આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ એમણે બયાન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પેશ ઈમામ મૌ.મો.અમીન સા.એ કર્યુ હતુ. અંતમાં કરી સા. ના બયાન અને દુઆથી મજલીસને બરખાસ્ત કરવામાં આવી હતી.

**કઠોર:-** મુસ્લિમ સ્ટુડન્ટ યુનિયન દ્વારા ગરીબ વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓને ૨૦૧૯-૨૦ ના સત્ર માટે અભ્યાસક્રમને લગતી નોટબુક-સ્વાધ્યાયપોથી ૬૦ ટકાની રાહતથી મદદ કરવામાં આવી.મલેશીયાથી પધારેલા જ.મોહંમદ આકુજી સા.ના હસ્તક વિદ્યાર્થીઓને રાહત આપવામાં આવી છે. આ રાહતરૂપમાં ખાસ કરીને યુ.કે.ની કઠોર મુસ્લિમ કમિટી, ડૉ.મુસાજી લોખાત ચેરીટેબલ ટ્રસ્ટ,રીયુન્યન સાર્વજનીક સહાય ટ્રસ્ટ,યુ.કે., અમેરીકા, કેનેડા, સા.આફ્રિકા અને ખાસ કરીને કઠોર ગામના દાનવીરો દ્વારા મોટા પ્રમાણમાં મદદરૂપ થાય છે. આ તકે સ્ટુડન્ટ યુનિયનના સેક્રેટરી સુલેમાન ડોબા સા.એ તમામનો દિલથી આભાર માન્યો હતો અને વખતો વખત મદદરૂપ થતા રહેશો એવી અપીલ કરી છે.

**રાંદેર:-** એમ.એમ.પી.હાઇસ્કુલ,રાંદેર નું ગુજરાતી માધ્યમનું પરિણામ ધો.૧૦ નું ૬૨.૨૨ ટકા તથા ધો.૧૨ સાયન્સનું ૮૦.૦૦ ટકા,પી.ઇ.એમ.હાઇસ્કુલ, રાંદેર,અંગ્રેજી માધ્યમનું ધો.૧૦ નું ૭૯.૫૫ ટકા તથા ધો.૧૨ સાયન્સનું ૮૫.૦૦ ટકા તેમજ એ.એમ. મુલ્લા ગર્લ્સ હાઇસ્કુલ, રાંદેરનું ગુજરાતી માધ્યમનું પરિણામ ધો.૧૦ નું ૬૯.૪૫ ટકા આવ્યું છે.

**હથુરણ:-** ખદીજા યુસુફ કોલીયા મેમોરીયમ હાઇસ્કુલ, હથુરણનું વર્ષ ૨૦૧૮- ૧૯ નું ધો.૧૦ નું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે.જેમાં મુલ્લા ઉબેદુલ્લાહ યુસુફ ૮૬.૮૩ ટકા મેળવી પ્રથમ આવ્યા છે. શાળાની પાંચ વર્ષની સફળ કારકીર્દીમાં ત્રણ વર્ષ ૧૦૦ ટકા અને ૨ વર્ષ ૯૦ ટકા ઉપર રીઝલ્ટ આવ્યું છે.જે બદલ શાળાના પ્રમુખ જ. ઇકબાલભાઇ મુલ્લા સા., ટ્રસ્ટીમંડળ જ. ઇબ્રાહીમભાઇ ભૈયાત સા.,જ. હનીફભાઇ સ્ટારવાલા સા.અને જ. ફીરોજભાઇ મમુજી સા.એ દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી શાળાના આચાર્ય સુલેમાનભાઇ જાંગડા તેમજ સમગ્ર સ્ટાફની પ્રસંશા કરી હતી.

**દઢાલ:-** એમ.આઇ.કાઝી મેમોરીયલ સ્કુલ, દઢાલનું ધો.૧૦ નું પરિણામ ૮૫ ટકા તથા ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા રીઝલ્ટ આવ્યું છે.

**આંકડોદ:-** વોટર વર્કસની ટાંકીનું કામ દેશ-પરદેશના ગામવાસીઓના સહકારથી શરૂ થયું છે.

**અંકલેશ્વર:-** મરકઝે ઇસ્લામી માધ્યમિક શાળા,અંકલેશ્વરનું ધો.૧૦ નું પરિણામ ૮૦.૯૫ ટકા આવ્યું છે.


## સુરતી સુન્ની વહોરા આઇ.ટી.આઇ.માં પ્રવેશ માટે

આપણી વહોરા સોસાયટી સંચાલિત **આઇ.ટી.આઇ.**માં નીચે પ્રમાણેના **ટ્રેડમાં ઓગષ્ટ - ૨૦૧૯ થી** પ્રવેશ આપવામાં આવશે.

(૧) ઇલેક્ટ્રીશીયન :- પ્રવેશ લાયકાત :- એસ.એસ.સી.પાસ (અભ્યાસક્રમ ૨ વર્ષ)

**ફોર્મ ભરીને પરત આપવાની છેલ્લી તારીખ ૨૦-૭-૨૦૧૯ છે. ફોર્મની કિંમત રૂા. ૧૦૦/- છે.**

**કોઇપણ માહિતી અને માર્ગદર્શન માટે કાર્યાલયનો રૂબરૂ સંપર્ક કરવો.**




المامونیہ
Almamoniah

Saudi Arabia mein apni behtarin aur kamyab Khidmat anjam dete huey 20 saal se ziada arsa gujar chuka hain. ALMAMONIAH aap tamam ALLAH ke ghar ke mehmano ka apne tajurbe aur first class, jadid khidmat ke saath khair makdam karte hain ke aap ka safar pursukun aur aaramda ho.

**Hajj 2019 : *Departure 30th July***

05 Nights in Azizia,
05 Nights in Mina, Arafat & Muzdalfa,
02 Nights in Azizia,
15 Nights in Makkah,
09 Nights in Madinah,
02 Nights in Azizia

Package includes:
Air Ticket (Direct Flight), Visa, Accommodation, Travel Bag, Ahram (Complete set), Transportation, Ziyarat, Food (Large Buffet), Laundry & Zam-Zam Pani

**DAILY DELICIOUS & VARIED MUGHLAI / INDIAN BUFFET FOOD**

**380000** Per Person 5 Sharing

Deluxe Package (Shifting)
Mina Tent / Maualim No. 102
Hotel Makkah: Elaf Mashaer / Anjum /similar
Hotel Madinah: Mawaddah Noor

**460000** Per Person 4 Sharing

Super Deluxe Package (Shifting)
Mina Tent / Maualim No. 20 to 27
Hotel Makkah: Pullman zamzam / Swissotel Maqam / Hilton
Hotel Madinah: Rove Madinah / Mawaddah Noor

**660000** Per Person 4 Sharing

Executive Package. (Non shifting )
No accommodation in Azizia
Hotel Makkah: Al Massa / Hilton
Hotel Madinah: Dallah Tayaba

**FIROZ BHAI MOTIWALA: - 9228451060/7990407990**

**H NO. 4/1760 - NEAR PANCHMUKHI HANUMAN MANDIR, LATA HOUSE ,BEGUMPURA, RING ROAD,SURAT-395002**

اعلیٰ معیار، جدید اور تسلی بخش خدمات سے مستفید ہوکر آپ اپنے اور دوسروں کے لئے بھی المامونیہ پر اعتماد کریں گے.... ان شاءاللہ

## S.S.C. અને H.S.C. ના વિદ્યાર્થીઓ જોગ

**સોસાયટી તરફથી એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ના વિદ્યાર્થીઓ માટે મેડલ તથા ઇનામની જાહેરાત**

- **ડૉ.એમ.ઇ.કાઝી મેડલ :-** એસ.એસ.સી.માં સૌથી વધુ માર્કસ મેળવનાર વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને આપવામાં આવશે.
- **મુલ્લાં ફેમેલી ધામરોડ મેડલ :-** એચ.એસ.સી.(વિજ્ઞાન પ્રવાહ)માં સૌથી વધુ માર્કસ મેળવનાર **વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને** આપવામાં આવશે.
- **મર્હુમ પ્રિ.અ.ખાલીક અમલા મેડલ :-** એસ.એસ.સી.માં દક્ષિણ ગુજરાતમાં નર્મદા નદીના **દક્ષિણ કિનારાથી વાપી સુધી અને પૂર્વમાં નવાપુર સુધીના વિસ્તારમાં મુસ્લિમ વિદ્યાર્થી કે વિદ્યાર્થીની** જેણે સૌથી વધુ માર્કસ મેળવ્યા હોય તેને આપવામાં આવશે.
- **જીતાલી એવોર્ડ :-** એચ.એસ.સી.સાયન્સની વાર્ષિક પરીક્ષામાં અંગ્રેજી,વિજ્ઞાન,ગણિતના વિષયમાં સૌથી વધુ માર્કસ મેળવનાર **વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને** આપવામાં આવશે.
- **મર્હુમ ગુલામ મહમદ ટીલી મેડલ :-** એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ (આર્ટસ, કોમર્સ) માં છોકરાઓમાં સૌથી વધુ માર્કસ મેળવનારને મર્હુમ ગુલામ મહમદ ટીલી મેડલ આપવામાં આવશે.
- **મર્હુમા ફાતેમાબહેન ટીલી મેડલ :-** એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ (આર્ટસ, કોમર્સ) માં છોકરીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનારને મર્હુમા ફાતેમાબહેન ટીલી મેડલ આપવામાં આવશે.
- **મર્હુમા આબેદાબહેન મહમદઅલી દરસોત રોકડ પુરસ્કાર :-** એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ માર્કસ મેળવનાર **વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને** રૂા.૧૧ હજાર રોકડ પુરસ્કાર ઇનામ આપવામાં આવશે.
- **જ.યુસુફ મેહમુદ પટેલ સા. એન્ડ ફેમિલી ઉમરવાડા તરફથી ઇંગ્લીશ મીડીયમ માટે રોકડ પુરસ્કારની જાહેરાત**
  - **H.S.C.** ઇંગ્લીશ મીડીયમમાં ગણિત,વિજ્ઞાન,અંગ્રેજી વિષયમાં સૌથી વધુ માર્કસ મેળવનારને **રૂા.૧૫ હજાર** રોકડ પુરસ્કાર ઇનામ આપવામાં આવશે.
  - **H.S.C.** ઇંગ્લીશ મીડીયમમાં કોમર્સમાં સૌથી વધુ માર્કસ મેળવનારને **રૂા.૧૧ હજાર** રોકડ પુરસ્કાર ઇનામ આપવામાં આવશે.
  - **H.S.C.** ઇંગ્લીશ મીડીયમમાં આટ્સમાં સૌથી વધુ માર્કસ મેળવનારને **રૂા.૧૧ હજાર રોકડ પુરસ્કાર** ઇનામ આપવામાં આવશે.

**નોંધ:- વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીએ માર્કસીટની ઝેરોક્ષ કોપી ઉપર નામ,સરનામુ,ફોન નંબર તથા જે સ્કુલમાંથી પરીક્ષા પાસ કરી હોય તે સ્કુલનું નામ લખવુ અને સાથે પાસપોર્ટ સાઇઝનો એક ફોટો પાછળ નામ ગામ લખી મોકલવુ.**


## WANTED

**Computer Operator : 12th Pass with Computer Knowledge for Nursing School**

Apply with bio data to Secretary Lockhat Moolla Sarvajanik Hospital, Near Rampura Petrol Pump, Rampura, Chhada-Ole Surat-3 જા. X ખ.

# અલ-ફલાહ ગર્લ્સ હોસ્ટેલ - ખોલવડ

**મુ.પો. ખોલવડ, તા. કામરેજ, જી. સુરત**

આપણી ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરત સંચાલિત અલ-ફલાહ ગર્લ્સ હોસ્ટેલ ખોલવડમાં જે ગામમાં ધોરણ ૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ અને આર્ટ્સની શાળાઓ નથી તે ગામની આપણા સમાજની બહેનોને હોસ્ટેલમાં રહી અભ્યાસ કરવા માટે એડમીશન આપવામાં આવશે. તો આપણા સમાજના વાલીઓએ વહેલા તે પહેલા ધોરણે એડમીશન મેળવી લેવું. **(ચાલુ વર્ષથી હોસ્ટેલમાં કોમર્સ અને આર્ટ્સની વિદ્યાર્થીઓને પણ એડમીશન આપવામાં આવશે.)** હોસ્ટેલમાં એડીમીશન **મેળવવા માટે ૫૦ ટકા હોવા જરૂરી છે.**



## હોસ્ટેલમાં ઉપ્લબ્ધ સુવિધાઓ

- સંપૂર્ણ હવા ઉજાસવાળા મોટા રૂમો,એક રૂમમાં ફકત ત્રણ બહેનો.
- રીડીંગ રૂમ તથા ટયુશન કલાસ માટે બેંચીસની સગવડ સાથે વર્ગખંડો.
- સી.સી.ટી.વી. કેમેરા દ્વારા સલામતી વ્યવસ્થાનું મોનીટરીંગ.
- કંપાઉન્ડ વોલ, ગાર્ડન, ઝેરોક્ષ મશીન, ગરમ પાણીની સુવિધા, વોટર ફીલ્ટર પ્લાન્ટ જેવી જરૂરી સગવડો.
- સોસાયટી દ્વારા નિયુકત સ્થાનિક કમિટીની દેખરેખ તથા માર્ગદર્શન.
- ધોરણ ૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહની બહેનોને કેમેસ્ટ્રી,ફીઝીકસ, બાયોલોજી અને અંગ્રેજી વિષયનું ટયુશન નિષ્ણાંત અને અનુભવી શિક્ષકો દ્વારા હોસ્ટેલમાં જ આપવામાં આવે છે જેથી બહેનોને ટયુશન માટે હોસ્ટેલ બહાર જવુ પડતું નથી.

## ધો.૧૧ - ૧૨ શાળા પ્રવેશ અંગે

ખોલવડ ખાતે ૧૦૫ વર્ષ જુની શૈક્ષણિક મદ્રેસા અંજુમને ઇસ્લામિયા - ખોલવડ (ટ્રસ્ટ) દ્વારા એમ.એ.આઇ.હાઇસ્કુલ કાર્યરત છે. આ શાળા સુરત જીલ્લાની એક પ્રતિષ્ઠિત શાળા છે. આ શાળામાં વર્ષ ૧૯૭૬ થી જ વિજ્ઞાન પ્રવાહ ચાલે છે. તથા કોમર્સ અને આટ્સની સગવડ પણ છે. આ શાળા સરકાર માન્ય ગ્રાન્ટેડ શાળા હોવાથી વિદ્યાર્થીઓને ખૂબ જ નજીવી ફી ભરીને નિષ્ણાંત અનુભવી શિક્ષકોનું માર્ગદર્શન મળી રહે છે. માટે હોસ્ટેલમાં એડમીશન લેનાર વિદ્યાર્થીનીઓએ સાયન્સ,કોમર્સ તથા આટ્સમાં સમયસર એડમીશન મેળવી લેવું. શાળા આપણી હોસ્ટેલથી ફકત બે મિનિટના અંતરે આવેલી છે. (સ્કુલ એડમીશન માટે સમયસર પ્રવેશ ફોર્મ ભરવુ જરૂરી છે.)

- **ચાલુ વર્ષે હાઇસ્કુલમાં ધો.૯-૧૦ તથા ધો.૧૧-૧૨ સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહ ની વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા વાલીઓએ તાત્કાલીક એમ.એ.આઇ. હાઇસ્કુલ, ખોલવડ નો સંપર્ક કરવા વિનંતી.**
- **કોલેજમાં અભ્યાસ કરનાર છોકરીઓ હોસ્ટેલમાં રહેવા ઇચ્છતા હોય તો તેમના વાલીઓએ સોસાયટીનો સંપર્ક કરવો.**

## આપણા સમાજનું ગૌરવ

PH.D



**રાંદેર** ના રહેવાસી અને વીર નર્મદ સા.ગુજરાત યુનીવર્સીટીના રસાયણ વિભાગમાં ટીચિંગ આસીસ્ટંટ તરીકે ફરજ બજાવતા મરીયમ ઇબ્રાહીમ બાગીઆ એ યુનિવર્સીટીના નિવૃત્ત પ્રોફેસર ડૉ.ભાવના બહેન શાહના માર્ગદર્શનમાં તૈયાર કરેલ મહાશોધ નિબંધ Surface Modified Silica Based Potential Sorbents Derived From Agricultural Detritus for Eviction of Toxic Metal Pollutants ને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટીએ માન્ય રાખી PH.D ની પદવી એનાયત કરી છે. આ સંશોધન કાર્ય દરમિયાન તેમને U.G.C. New Delhi દ્વારા Maulana Azad National Fellowship એનાયત કરવામાં આવી હતી. **તે બદલ મુબારકબાદ.**

PHYSIOTHERAPY



**કોસાડ** ગામના વતની અને આપણી સોસાયટીના સ્કોલર **યુસુફ સલીમ અભી** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી,સુરત દ્વારા લેવાયેલ Bachelor of Physiotherapy ની પરીક્ષા ભારતીમૈંયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી એન્ડ ફીજીયોથેરાપી,સુરત માંથી પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

M.Sc.



**હથુરણ** ગામના વતની **તસ્નીમ યુનુસ લીંબાડા** વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી,સુરત દ્વારા લેવાયેલ MSC ની પરીક્ષા ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે શ્રી રામ કીષ્ના ઇસ્ટીટયુટ માંથી પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

MCA



**હથુરણ** ગામના વતની **મો.રીઝવાન અ.રશીદ માસ્તર** એ ચરોતર યુનીવર્સીટી ઓફ સાયન્ય એન્ડ ટેકનોલોજી,ચાંગા દ્વારા લેવાયેલ MCA ની પરીક્ષા ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

DIPLOMA PHARMACY



**સુરત** ના વતની **ઇશ્હાક ઇબ્રાહીમ લાલા** એ ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી, અમદાવાદ દ્વારા લેવાયેલ Diploma Pharmacy ની પરીક્ષા એ.આર. કોલેજ ઓફ ફાર્મસી, વિદ્યાનગર માંથી પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

B.E.



મૂળ **હથુરણ** ના અને હાલ અમેરીકા સ્થાઇ **રહીમા આસીફ કડવા** એ ફોરધમ યુનીવર્સીટી,ન્યુયોર્ક દ્વારા લેવાયેલ Bachelor in computer science ની પરીક્ષા ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

B.Sc.



**રવિદરા** ગામના વતની **નોમાન અનવરહુશૈન વડીયા** વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી,સુરત દ્વારા લેવાયેલ B.SC ની પરીક્ષા ફર્સ્ટ કલાસ માં જે.પી. કોલેજ, ભરૂચ માંથી પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

P.G.DIPLOMA



**વરીયાવ** ના વતની **મરીયમબીબી ઉસ્માન મમુન** એ ઇન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનીવર્સીટી, દિલ્હી દ્વારા લેવાયેલ Post Graduate Diploma in Int.Business Operatios ની પરીક્ષા પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

Phone No.0091-261-2420097/2424458
JUNE - 2019
VOHRA SAMACHAR
VALID UP TO 31-12-2020.
Licence No.040 inland 081 For Foreign
PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT
RNI No.9372/57"Registerd No.SRT-004/2018 -2020"
2600 Copies Posted at SR RMS at 3rd of Every month
on date of posting 03 - 06 - 2019

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**

*દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૧૫૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂા.૧૦૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૨૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૩૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂા.૧૫.૦૦*

